RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 276* Date: 02.08.2022, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ઉદ્ધવ ઠાકરે બાદ એકનાથ શિંદે પહોંચ્યા સુપ્રીમ કોર્ટ , કહ્યું- ચૂંટણી પંચને 'અસલ' શિવસેના પસંદ કરવા દો

મુંબઈ,તા.૧

મહારાષ્ટ્રમાં શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના જૂથ બાદ હવે મુખ્યમંત્રી એકનાથ શિંદે પણ સુપ્રીમ કોર્ટમાં ગયા છે. શિંદેએ કોર્ટમાં નવેસરથી એફિડેવિટ દાખલ કરી છે. જેમાં ઉદ્ધવ કેમ્પ દ્વારા દાખલ કરાયેલી અરજીઓને ફગાવી દેવાની માંગ કરવામાં આવી છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે ભારતના ચૂંટણી પંચને 'વાસ્તવિક' શિવસેનાને પસંદ કરવાની મંજૂરી આપવી જોઈએ.

ઉદ્ધવ છાવણી દ્વારા આપવામાં આવેલી અરજીમાં બળવાખોર ધારાસભ્યો પર નિર્ણય ન આવે ત્યાં સુધી ચૂંટણી પંચને કોઈપણ નિર્ણય લેવાથી રોકવાની માંગ કરવામાં આવી હતી. શિંદેએ એફિડેવિટમાં કહ્યું છે કે ૧૫ ધારાસભ્યો ૩૯ બળવાખોરોના જૂથને બોલાવી શકે નહીં. તે જ સમયે, સીએમના નજીકના સહયોગીએ કહ્યું, 'ચૂંટણી પંચ પાર્ટીની માન્યતા અને પ્રતીકના મુદ્દાઓ સાથે કામ કરે છે. જો તમામ પક્ષકારો સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવા લાગે છે, તો પછી આવી સત્તાનો અર્થ શું છે.એફિડેવિટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાના મુદ્દે સ્પીકરે નિર્ણય લેવો જોઈએ અને કોર્ટે દખલ ન કરવી જોઈએ. આ સાથે રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીના ફ્લોર ટેસ્ટના નિર્ણયનો પણ એફિડેવિટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કોશ્યારીના આ નિર્ણયને ઉદ્ધવ કેમ્પ વતી પણ પડકારવામાં આવ્યો છે.અહીં, રાજ્યમાં કેબિનેટ વિસ્તરણને લઈને સ્થિતિ સ્પષ્ટ થઈ નથી. દરમિયાન, સુપ્રીમ કોર્ટે શિવસેનામાં વિભાજન સંબંધિત અરજીઓ પર સુનાવણી ૧ ઓગસ્ટને બદલે ૩ ઓગસ્ટ માટે સૂચિબદ્ધ કરી છે. શનિવારે સીએમ શિંદે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને પણ મળ્યા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે કેબિનેટ વિસ્તરણને લઈને બંને વચ્ચે લગભગ ૪૫ મિનિટ સુધી ચર્ચા થઈ.

# અમે અમારી વિચારધારા પર ચાલતા રહીશું તો દેશમાંથી ક્ષેત્રીય પાર્ટીઓ ખતમ થઈ જશે

## ૪૦ વર્ષ પણ જોડવામાં આવે તો પણ કોંગ્રેસ આપણી બરોબર ન ઊભી રહી શકે : ભાજપ પ્રમુખ નડ્ડા



પટણા,તા.૧

દેશમાંથી તમામ પાર્ટીઓ ખતમ થઈ જશે, રહેશે તો માત્ર ભાજપ જ. આ વાત કરી છે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ. તેમને કહ્યું કે અમે અમારી વિચારધારા પર ચાલતા રહીશું તો દેશમાંથી ક્ષેત્રીય પાર્ટીઓ ખતમ થઈ જશે. નડ્ડા બિહાર ભાજપના ૧૬ જિલ્લા કાર્યાલયોના ઉદ્ઘાટન કરવા પટના પહોંચ્યા હતા. તેમને બિહારના ૭ જિલ્લામાં કાર્યાલયોનું શિલાન્યાસ પણ કર્યું.

નડ્ડાએ કહ્યું- ભાજપની વિરૂદ્ધમાં લડનારી એકપણ રાષ્ટ્રીય પાર્ટી વધી નથી. અમારી અસલી લડાઈ પરિવારવાદ અને વંશવાદ સામે છે. તેમને કાર્યકર્તાઓની પ્રશંસા કરતા કહ્યું કે કંઈ નથી મળતું... કંઈ નહીં મળે... ત્યારે પણ લોકો લાગી પડ્યા છે.

તેમને કહ્યું, 'લોકો કોંગ્રેસની વાત કરે છે. હું કહું છું કે ૪૦ વર્ષ પણ જોડવામાં આવે તો પણ તેઓ આપણી બરોબર ન ઊભા રહી શકે. આપણે જે પ્રકારની પાર્ટી છીએ, તે ૨ દિવસમાં નથી આવતા. આ આવે છે સંસ્કારથી અને સંસ્કાર કાર્યાલયથી જ આવે છે. આપણી પાર્ટીની વિચારધારા એટલી મજબૂત છે કે લોકો ૨૦ વર્ષ બીજી પાર્ટીમાં રહીને આપણી પાર્ટીમાં આવી રહ્યાં છે.'નડ્ડાએ કહ્યું, 'જ્યારે ૨૦૧૪માં ભાજપની સરકાર બની અને નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા ત્યારે તેઓ પાર્ટીની મીટિંગમાં સામેલ થવા કાર્યાલય ગયા. તેમને પૂછ્યું- આ કાર્યાલય તો સરકારી જમીન પર છે. સરકારી પ્રોપર્ટી છે. તે સમયે વડાપ્રધાને દરેક જિલ્લામાં પાર્ટી કાર્યાલયની કલ્પના કરી.

તેમને પાર્ટીના પદાધિકારીઓને સંકલ્પ આપ્યો કે આપણે આટલી મોટી પાર્ટી છીએ તો શું આપણે આપણું કાર્યાલય ન રાખી શકીએ. શું દરેક પ્રદેશમાં દરેક જિલ્લામાં આપણું કાર્યાલય ન હોવું જોઈએ. તે સમયે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આ સંકલ્પને પૂરો કરવા માટે જોતરાય ગયા. ભાજપે ૭૫૦ જિલ્લાને પસંદ કર્યા અને આજે ૨૫૦ કાર્યાલય બનીને તૈયાર છે. ૫૧૨ કાર્યાલય પર કામ ચાલી રહ્યું છે.'નડ્ડાએ જૂનાં દિવસોને યાદ કરીને કહ્યું કે ૧૯૭૨થી ૧૯૭૪માં આપણું કાર્યાલય રાજેન્દ્ર નગરમાં એક ભાડાના મકાનમાં હતું. લાંબા સમય સુધી આર્યા ભવન આપણું સેન્ટર રહ્યું. બાદમાં જ્યારે જનતા પાર્ટીની સરકાર બની, ત્યારે હાલનું કાર્યાલય મળ્યું. આપણે આજે પણ તેને ઓફિસ નથી બોલતા, આપણે તેને કાર્યાલય જ કહીએ છીએ. કાર્યાલય સંસ્કાર આપવાનું કેન્દ્ર છે.નડ્ડાના નિવેદન પર જદયુ ના મુખ્ય પ્રવક્તા નીરજ કુમારે કહ્યું કે રાષ્ટ્રીય પાર્ટીઓએ જન આંકાક્ષાને પૂરી ન કરી તો સ્વભાવિક રીતે ક્ષેત્રીય દળનો ઉદય થયો. ક્ષેત્રીય દળના ઉદય પછી દેશની રાજનીતિમાં ગઠબંધન જરૂરથી થઈ ગયું. કેમકે ક્ષેત્રીય પક્ષ જ જનમાનસની આકાંક્ષાઓને પૂરી કરી રહ્યાં હતા. ભારતમાં લોકતંત્ર છે તો સ્વભાવિક રીતે ક્ષેત્રીય અને રાષ્ટ્રીય દળ બંને રહેશે.

# ગુજરાત પોલીસના ડરથી પાકિસ્તાનમાં હડકંપ, ઇરાની ડ્રગ્સ માફિયાનું કોલ રેકોર્ડિંગ સામે આવ્યું

અમદાવાદ,તા.૧

ગુજરાત પોલીસ અને એટીએસ દ્વારા ડ્રગ્સ માફિયાઓ પર સૌથી મોટી સર્જિકલ સ્ટ્રાઇક કરવામાં આવી છે. ગુજરાત અને ગુજરાતના દરિયાકાંઠાએથી કોસ્ટગાર્ડ સાથે મળીને ગુજરાત પોલીસ અને એટીએસ દ્વારા અવારનવાર રાજ્યમાં ડ્રગ્સ ઘુસાડનાર ડ્રગ્સ માફિયાની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત પોલીસ દ્વારા અત્યાર સુધીમાં ૬૬૭ ડ્રગ્સ માફિયાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે અને ૨૫ હજાર ૬૯૯ કિલો ડ્રગ્સનો જથ્થો પોલીસે કબજે કર્યો છે.

ગુજરાત પોલીસે ૬ મહિનામાં એનડીપીએસના ૪૨૨ કેસ રજિસ્ટર્ડ કર્યા છે. ગુજરાત એટીએસએ ડ્રગ્સના નેટવર્કને સંપૂર્ણ તોડી પાડ્યું છે અને ભારતના દૂશ્મનોના ઈરાદાઓ પર પાણી ફેરવ્યુ છે. ગુજરાત પોલીસના એક્શનથી પાકિસ્તાની અને ઈરાની ડ્રગ્સ માફિયાઓમાં હડકંપ મચી ગયો છે. ગુજરાતમાં ડ્રગ્સ ઘુસાડનાર આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓની ગુજરાત પોલીસે ધરપકડ કરી છે. ગુજરાત પોલીસે અત્યાર સુધીમાં કુલ ૫૦ જેટલા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓની ધરપકડ કરી છે. જેમાં ૩૦ પાકિસ્તાની ડ્રગ્સ માફિયા, ૧૭ ઈરાની ડ્રગ્સ માફિયા, ૨ અફઘાનિસ્તાનના ડ્રગ્સ માફિયા અને ૧ નાઈજિરિયન ડ્રગ્સ માફિયાની પોલીસે ધરપકડ કરી છે.

ડ્રગ્સ માફિયાઓને દબોચીને ગુજરાતને પણ પોલીસે સુરક્ષિત બનાવ્યું છે. ગુજરાત પોલીસે ૪ રાજ્યોની યુવાપેઢીને બરબાદ થતી બચાવી છે.

ગુજરાતની પોલીસે ગુજરાત સહિત મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબમાં મોકલાતા ડ્રગ્સને પકડી પાડ્યું છે. ગુજરાત પોલીસે વિવિધ દેશોમાં મોકલાતા ડ્રગ્સને પકડ્યું છે. ગુજરાત પોલીસના ૧૦ ઓપરેશને ડ્રગ્સ માફિયાઓની કમર તોડી નાખી છે. ત્યારે ઈરાની ડ્રગ્સ માફિયાની એક કોલ રેકોર્ડિંગ ક્લિપ સામે આવી છે. જેમાં ડ્રગ્સ માફિયાઓમાં ગુજરાત પોલીસનો ખૌફ જોવા મળી રહ્યો છે. કોલ રેકોર્ડિંગ ક્લિપમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે, ગુજરાતમાં ડ્રગ્સ ઘુસાડવું આત્મહત્યા કરવા જેવું છે.

ગુજરાત પોલીસના ૧૦ ઓપરેશને ડ્રગ્સ માફિયાઓની તોડી કમર છે

ઓપરેશન નંબર ૧ : ભારત-પાકિસ્તાન મરીન બોર્ડર પાસે ૯ પાકિસ્તાનીઓ સાથે પાકિસ્તાનની અલ-હઝ નામની બોટમાંથી ૨૮૦ કરોડનું ૫૬ કિલો હેરોઈન પકડાયું

ઓપરેશન નંબર ૨ મુંબઈમાં છેલ્લાં ૨૦ વર્ષથી બેખૌફ રીતે શાકભાજી વેચવાની આડમાં ડ્રગ્સનો કારોબાર કરતા મુંબઈના સૌથી મોટા ડ્રગ્સ માફિયાને દ્વારકા જિલ્લા પોલીસે સલાયા બંધરથી પકડી પાડ્યો.

ઓપરેશન નંબર ૩ ઈન્ટરનેટ અને ક્યૂ આર કોડની મદદથી ચાલતા ડ્રગ્સના ઓનલાઈન નેટવર્કનો ફોરેન્સિક ટીમ અને કસ્ટમ ટીમ સાથે મળીને ગુજરાત પોલીસે પર્દાફાશ કર્યો.

ઓપરેશન નંબર ૪ : ગુજરાત પોલીસે જખૌ બંદર પાસે સમુદ્રમાંથી પાકિસ્તાનના હાજી અસન અને હાજી હાસમે દ્વારા પંજાબના મોટા ડ્રગ્સ માફિયા માટે અલ હુસેની બોટમાં ૬ પાકિસ્તાનીઓ સાથે મોકલાવેલા ૩૫૮ કરોડનું ૭૭ કિલો હેરોઈન જપ્ત કર્યું.

ઓપરેશન નંબર ૫ મોરબીના ઝીંઝુડાની દરગાહમાંથી સમસુદ્દીન હુસેન મિયાંના ઘરમાંથી ૫૩૯ કરોડનું ૧૧૮ કિલો હેરોઈન જપ્ત કર્યું. જેમાં ૩ આરોપીઓની પૂછપરછ બાદ મોરબી, જામનગર, દિલ્લીમાં ઓપરેશન પાર પાડીને ૧ નાઈઝિરિયન સહિત ૧૪ને દબોચ્યા.

ઓપરેશન નંબર ૬ ગુજરાત પોલીસના પોરબંદરના દરિયામાં ૨૮ કલાકના સર્ચ ઓપરેશન બાદ જુમ્મા નામની બોટમાં ૧૫૦ કરોડના ૩૦ કિલો હેરોઈન સાથે ૭ ઈરાનીઓની ધરપકડ કરી.

ઓપરેશન નંબર ૭ રાજસ્થાનના એક મોટા ડ્રગ્સ નેટવર્કને નેસ્તનાબૂદ કર્યું. રાજસ્થાનના બાડમેરના ડ્રગ્સ માફિયા નુરા ખાન અને કાયમ ખાનને ૨૦ લાખ રૂપિયાના ૨૦૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ગુજરાતમાંથી રંગે હાથ દબોચ્યા.

ઓપરેશન નંબર ૮ ગુજરાત પોલીસે ડીઆરઆઇ સાથે મળીને ૩૯૫ કિલો ડ્રગ્સને રસ્સીઓમાં સંતાડીને લઈ જતા પાકિસ્તાની-ઈરાની ડ્રગ્સ માફિયાઓને પિપાવાવ પોર્ટ પર રેડ કરીને દબોચ્યા.

ઓપરેશન નંબર ૯ અફઘાનિસ્તાનમાંથી કંડલા બંદરે જિપ્સમની બોરીઓમાં આવેલા ૧૪૩૯ કરોડનું ૨૦૫ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું.

ઓપરેશન નંબર ૧૦ ગુજરાતના જખૌ બંદર પર તૈયાર બેઠી એટીએસએ પાકિસ્તાનના ગ્વાદર પોર્ટથી ભારત તરફ નોમાન બોટમાં ૭ ડ્રગ્સ માફિયાઓ ૨૪૫ કરોડ રૂપિયાનું ૪૯ કિલો ડ્રગ્સ લઈને આવી રહ્યા હતા. જીવ બચાવવા ડ્રગ્સ માફિયાઓએ બધું ડ્રગ્સ દરિયામાં ફેંકી દીધું હતું. તરવૈયાઓની મદદથી ૪ દિવસની મહેનત બાદ ૨૪૫ કરોડનું ડ્રગ્સ ઝડપ્યું.

## ૪ વર્ષથી સુપર એક્ટિવ ઈડી
# ૯ રાજ્યએ સીબીઆઈની એન્ટ્રી પર પ્રતિબંધ મુકતા ઈડીએ મોરચો સંભાળી લીધો

નવીદિલ્હી,તા.૧

ભાજપના શાસનકાળમાં વધુ તપાસની કાર્યવાહી એન્ફોર્સમેન્ટ ડિરોક્ટેરેટ એટલે કે ઈડી જ કરી રહ્યું છે, જ્યારે આ પહેલાં મોટાં-મોટાં કોભાંડની તપાસ દરેક જગ્યાએ સીબીઆઇ જ કરતી હતી. તો એવું શું થયું કે મનમોહનના શાસનકાળ સુધી એક્ટિવ રહેતી સીબીઆઇ છેલ્લાં ૪ વર્ષમાં બેકગ્રાઉન્ડમાં જતી રહી છે અને એનું સ્થાન ઈડીએ લીધું છે.હાલ તો એવું જ લાગે છે કારણ કે છેલ્લાં ૮ વર્ષમાં ઈડીની કાર્યવાહીમાં પાંચથી છ ગણો ઉછાળો નોંધાયો છે. યુપીએ શાસનકાળ સુધી સીબીઆઇને જ દેશની સૌથી મોટી તપાસ એજન્સી ગણવામાં આવતી હતી. કેન્દ્રમાં ભાજપની સરકાર બન્યા પછી જ્યારે સીબીઆઇ ભાજપનું શાસન ન ધરાવતાં રાજ્યોમાં કાર્યવાહી કરવાનું શરૂ કર્યું તો આ રાજ્યો એક થઈ ગયાં. રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, કેરળ, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઝારખંડ, પંજાબ, મેઘાલય અને મિઝોરમ સહિતની ભાજપાનું શાસન ન ધરાવતાં રાજ્યોની સરકારોએ તેમનાં રાજ્યોમાં સીબીઆઇની એન્ટ્રી પર પ્રતિબંધ લગાવી દીધો, એટલે કે રાજ્ય સરકારની પરવાનગી વગર સીબીઆઇ રાજ્યમાં તપાસ ન કરી શકે. ૯ રાજ્યમાં સીબીઆઇની એન્ટ્રી પર પ્રતિબંધ લાગતાં મજબૂર બનેલી કેન્દ્ર સરકારે આર્થિક અપરાધોની તપાસ કરતી બીજી તપાસ એજન્સી, એટલે કે ઈડીને સક્રિય કરવી પડી. તે નાણાં મંત્રાલયના રેવન્યુ વિભાગ અંતર્ગત એક વિશેષ નાણાકીય તપાસ એજન્સી છે.

છેલ્લાં ત્રણથી ચાર વર્ષમાં ઈડીનો વ્યાપ એટલો વધ્યો છે કે દરેક કૌભાંડનો ખુલાસો હવે ઈડી જ કરી રહી છે. સુપ્રીમ કોર્ટે પણ પીએમએલએ અંતર્ગત ઈડીની ધરપકડ, સર્ચ અને જપ્તી સાથે સંકળાયેલી શક્તિઓને યથાવત્ રાખી છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે ધરપકડ માટે ઈડીને આધાર બતાવવો જરૂરી નથી.પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ ૨૦૦૨માં બન્યો હતો. આ કાયદો ૨૦૦૫માં અમલમાં આવ્યો. પીએમએલએ (સંશોધન) અધિનિયમ, ૨૦૧૨એ ગુનાઓની યાદીનો વ્યાપ વધાર્યો. એમાં ધનને છુપાવવા, અધિગ્રહણ અને ધનનો ગુનાહિત કામમાં ઉપયોગને સામેલ કરવામાં આવ્યા છે. આ સંશોધન અંતર્ગત ઈડીને વિશેષ અધિકાર આપવામાં આવ્યા છે. જ્યારે મની લોન્ડરિંગ એટલે કે પૈસાની હેરાફેરી. આ ગેરકાયદે રીતે કમાવવામાં આવેલા બ્લેક મનીને વ્હાઈટ મનીમાં બદલવાની ટેક્નિક છે. આવા મોટા ભાગના મામલા નાણાકીય કૌભાંડના જ હોય છે. એક્ટની અનુક્રમણિકામાં એમાં સામેલ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ ઈડીને રાજકીય કૌભાંડ પર કાર્યવાહીનો અધિકાર આપે છે.

રાજકીય મામલાઓમાં ઈડીની કાર્યવાહીથી હોબાળો થયો છે. રાજકીય પક્ષો એનો ભરપૂર ફાયદો ઉઠાવવાની કોશિશ કરી રહ્યા છે. આ કારણે મોટા નેતા કાર્યકર્તાઓ, પ્રવક્તાઓ અને પોતાની મશીનરી દ્વારા મીડિયામાં પોતાને વિક્ટિમની જેમ રજૂ કરે છે અને સરકાર પર દબાણ બનાવવાની કોશિશ કરે છે. નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાધીની પૂછપરછથી લઈને પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની સરકારના મંત્રી સુધીની ધરપકડ ઈડી જ કરી રહી છે.

## ડબલ એન્જિન સરકારમાં કોણ લોકો છે, જે રાજ્યમાં ડ્રગ્સ માફિયા અને દારૂ માફિયાને પનાહ આપી રહ્યા છે

નવીદિલ્હી,તા.૧

અમદાવાદ :દારૂ અને ડ્રગ્સની બદીએ ગુજરાતને બદનામ કરી દીધું છે. ગુજરાતમાં હવે દારૂ-ડ્રગ્સનુ હબ બની ગયું છે. જેને કારણે હવે ગુજરાત વિરોધ પક્ષના નિશાના પર આવી ગયું છે. વિપક્ષોના નિશાન પર ગુજરાત આવ્યુ છે. કોંગ્રેસના રાહુલ ગાંધી ગુજરાતમાં છેલ્લા મહિનાથી પકડાઈ રહેલા ડ્રગ્સ મુદ્દે ભાજપ સરકારને નિશાન બનાવી રહ્યાં છે. ત્યારે કેમિકલ કાંડ બાદ ફરીથી આ વિવાદ ઉઠ્યો છે. રાહુલ ગાંધીએ સવાલ કર્યો છે કે, ડબલ એન્જિન સરકારમાં કોણ લોકો છે, જે રાજ્યમાં ડ્રગ્સ માફિયા અને દારૂ માફિયાને પનાહ આપી રહ્યું છે. તેમણે એમ પણ કહ્યુ કે, ગુજરાતમાં કાયદા વ્યવસ્થા છે કે પછી માફિયા સરકાર છે. આ મુદ્દે હવે પ્રિયંકા ગાંધીએ પણ સવાલો કર્યાં છે. રાહુલ ગાંધીએ ટ્વિટ કરી કે, ગુજરાતના મુન્દ્ર પોર્ટ પર ગત વર્ષે ૨૧ સપ્ટેમ્બરના રોજ ૨૧ હજાર કરોડ રૂપિયાનું ૩૦૦૦ કિલોનું ડ્રગ્સ જપ્ત કર્યુ હતું. ગત ૨૨ મેના રોજ ૫૦૦ કરોડ રૂપિયાનું ૫૬ કિલો અને ૨૨ જુલાઈના રોજ ૩૭૫ કરોડ રૂપિયાનું ૭૫ કિલો ડ્રગ્સ જપ્ત કર્યુ હતું. રાહુલ ગાંધીએ સવાલ કર્યા છે કે, ડબલ એન્જિન સરકારમાં કોણ છે જે ડ્રગ્સ અને દારૂના માફિયાને સંરક્ષણ આપી રહ્યું છે. ગુજરાતના યુવાઓને કેમ નશામાં ધકેલવામાં આવી રહ્યાં છે. એક પોર્ટ પર ત્રણ-ત્રણ વાર માદક પદાર્થ પ્રાપ્ત થવા છતાં સતત એ જ પોર્ટ પર કેવી રીતે ડ્રગ્સ ઉતરી રહ્યુ છે. શું ગુજરાતમાં કાયદા વ્યવસ્થા મરી પરવારી છે? માફિયાને કાયદાનો કોઈ ડર નથી, શું આ માફિયાની સરકાર છે? કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ ટ્વીટ કરી કે, ગુજરાતમાં એક જ બંદર પર ત્રણવાર લગભગ ૨૨૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ મળ્યું છે. મીડિયામાં ચુપ્પી, સરકારમાં સુસ્તી, સરકારની તમામ એજન્સીઓ સન્નાટામાં છે. ભાજપ સરકારના નાક નીચેથી માફિયા સમગ્ર દેશમાં ડ્રગ્સ વેચાઈ રહ્યું છે. કાયદા વ્યવસ્થા અસહાય છે અને માફિયા સાથે મિલીભગત છે. ઉલ્લેખનીય છે કે, એટીએસની ટીમે ગુજરાતમાં ગત મહિને કચ્છ જિલ્લાના મુન્દ્રા પોર્ટની પાસે એક કન્ટેનરમાંથી લગભગ ૭૫.૩ કિલો હેરોઈન જપ્ત કરાયુ હતું, જેની કિંમત ૩૭૬.૫ કરોડ રૂપિયા હોવાનુ અનુમાન છે.

## કેન્દ્ર સરકારની રાજકોષીય ખાધ વધી, સબસિડીમાં ઘટાડાથી જૂનમાં રાહત થઈ

નવીદિલ્હી,તા.૧

આ વખતે કેન્દ્ર સરકારની રાજકોષીય ખાધ ગયા નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાની ખાધની સરખામણીમાં ૨૮.૩ ટકા વધી છે. જો કે જૂન મહિનામાં સરકારની ખાધમાં ઘટાડો થયો છે. મે મહિનામાં વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો આવ્યા બાદ સરકારે ગ્રાહકોને રાહત આપવા પેટ્રોલ, ડીઝલ અને એલપીજી પરના ટેક્સમાં ઘટાડો કર્યો હતો.

ભારતની રાજકોષીય ખાધ ગયા વર્ષની સરખામણીએ આ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વધી છે. કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સે આજે કેન્દ્ર સરકારની રાજકોષીય ખાધના આંકડા જાહેર કર્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રથમ ત્રિમાસિક ગાળાના એપ્રિલ-જૂન સમયગાળામાં કેન્દ્ર સરકારની રાજકોષીય ખાધ ૩.૫૨ લાખ કરોડ રૂપિયા રહી છે. જે આ સમગ્ર વર્ષ માટે સરકારના લક્ષ?યાંકના ૨૧.૨ ટકા છે. જો આપણે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના પ્રથમ ત્રિમાસિક ગાળાના આંકડાઓ પર નજર કરીએ તો, નાણાકીય નુકસાન ૨.૭૪ લાખ કરોડ રૂપિયા હતું.

આ વખતે કેન્દ્ર સરકારની રાજકોષીય ખાધ ગયા નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાની ખાધની સરખામણીમાં ૨૮.૩ ટકા વધી છે. કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ૧૬.૬૧ લાખ કરોડ રૂપિયાનો રાજકોષીય ખાધનો લક્ષ?યાંક રાખ્યો છે. જો કે જૂન મહિનામાં સરકારની ખાધમાં ઘટાડો થયો છે. વાર્ષિક ધોરણે તે રૂ. ૧.૫૧ લાખ કરોડથી ઘટીને રૂ. ૧.૪૮ લાખ કરોડ પર આવી ગઇ છે.

આ ઘટાડા પાછળનું કારણ સબસિડી પર ઓછો ખર્ચ અને વધુ ટેક્સ કલેક્શન છે. જૂન ૨૦૨૨માં કેન્દ્ર સરકારનો મહેસૂલ ખર્ચ વાર્ષિક ધોરણે ૨.૯૫ લાખ કરોડ રૂપિયાથી ઘટીને ૨.૯૪ લાખ રૂપિયા થઈ ગયો છે. સાથે જ ટેક્સની આવકમાં પણ વધારો થયો છે. તે રૂ. ૨.૧૮ લાખ કરોડથી વધીને રૂ. ૨.૪૭ લાખ કરોડ થયો છે.

આ નાણાકીય વર્ષના જૂન મહિનામાં પુરા થતા ત્રિમાસિક ગાળામાં કેન્દ્ર સરકારે કુલ રૂ. ૯,૪૭,૯૧૧ કરોડનો ખર્ચ કર્યો છે.

## તંત્રી સ્થાનેથી...

# ‘હર હર શંભુ’ સોંગ ગાનારી ફરમાની નાઝથી ઉલેમા નિરાશ, આ શરિયત વિરુદ્ધ છે



કાવડ યાત્રા દરમિયાન ‘હર હર શંભુ’ ભજન ગાવા પર યુટ્યુબ સિંગર ફરમાની નાઝ વિવાદોમાં આવી ગઈ છે. ફરમાની નાઝેને દેવબંદી ઉલેમાએ સલાહ આપતા કહ્યું કે, ઈસ્લામમાં કોઈ પણ પ્રકારનું સોંગ ન ગાવું જોઈએ. એટલે ફરમાની તેનાથી તોબા કરવું જોઈએ. તો ફરમાનીએ કહ્યું કે, તે એક કલાકાર છે. એવામાં તેણે દરેક પ્રકારના સોંગ ગાવા પડે છે. ફરમાનીની માતાનું કહેવું છે કે, કાવડ યાત્રામાં દીકરીએ સોંગ ગાયું હતું. આપત્તિઓ તો લોકો દર્શાવે જ છે કે મુસ્લિમ છોકરી સોંગ ગાઈ રહી છે, પરંતુ તેને દરેક પ્રકારના સોંગ ગાવા પડે છે.

પોતાના બાળકોનું પાલન-પોષણ કરવા માટે તેને બધુ કરવું જ પડશે. તે ભજન પણ ગાઈ છે. કવ્વાલી પણ ગાઈ છે. એ વાત લોકોને સારી લાગી રહી નથી એટલે બોલી રહ્યા છે. તે તેનાથી જ પોતાના બાળકોને પાળી રહી છે. ફરમાનીની માએ કહ્યું કે, મંત્રી સંજીવ બલિયાને અમારી દીકરીને સન્માનિત પણ કરી અને તેના બાળકોની સારવાર કરાવવામાં મદદ કરી. તો ફરમાની નાઝે કહ્યું કે, અમે ગરીબ લોકો છીએ. પતિએ છોડીને બીજા લગ્ન કરી લીધા. અમે સોંગ ગાઈને પરિવાર ચલાવી રહ્યા છીએ.

‘હર હર શંભુ’ ભજનને સ્ટુડિયોથી કાઢ્યો છે. અમે બધા એ વિચારીને ગાતા નથી કે, અમે કયા ધર્મથી છીએ. અમે કલાકાર છીએ. યુટ્યુબ પર અમારી કવ્વાલીની પણ ચેનલ છે. ભક્તિની પણ ચેનલ છે. બધા પ્રકારના સોંગ ગાઈએ છીએ. તો મુફ્તી અસદ કાસમીએ કહ્યું કે, જુઓ આ સિલસિલામાં હું એજ કહીશ કે ઈસ્લામમાં કોઈ પણ પ્રકારનું ગાવું યોગ્ય નથી. મુસ્લિમ રહેતા જો કોઈ સોંગ ગાય છે તો એ ગુનો છે. કોઈ પણ પ્રકારનું સોંગ હોય, તેનાથી દૂર રહેવું જોઈએ, તેનાથી બચવું જોઈએ. ફરમાની નામની મહિલાએ સોંગ ગાયું છે. એ શરિયત વિરુદ્ધ છે.મુસ્લિમ હોવા છતા એવા સોંગ ગાવું ગુનો છે. મહિલાએ તેનાથી દૂર રહેવું જોઈએ, તોબા કરવું જોઈએ. મુઝફ્ફરનગરની રહેવાસી ફરમાની નાઝના લગ્ન વર્ષ ૨૦૧૭માં મેરઠના છોટા હસનપુર ગામના રહેવાસી ઈમરાન સાથે થયા હતા, પરંતુ લગ્નના ૧ વર્ષ બાદ પુત્ર થયા બાદ ફરમાનીને તેના સાસરાના લોકોએ પરેશાન કરવાની શરૂઆત કરી દીધી. ફરમાનીના નાના દીકરાને બીમારી હતી, જેના કારણે સસરાવાળા ફરમાનીને પરેશાન કરીને પિયરથી પૈસા લાવવાનો દબાવ બનાવતા હતા. તેનાથી પરેશાન થઈને ફરમાની પોતાના દીકરા સાથે પિયર રહેવા લાગી.ફરમાનીની માતાનું કહેવું છે કે, ગામના જ એક યુવક રાહુલ ઉર્ફે ભૂરા પાસે બહારથી કેટલાક લોકો વીડિયો બનાવવા આવતા હતા. એક દિવસ તેણે ફરમાનીને સોંગ ગાતા સાંભળી, જે તેને ખૂબ પસંદ આવ્યું. ત્યારબાદ તેણે ફરમાનીનું સોંગ રેકોર્ડ કરીને યુટ્યુબ ચેનલ પર નાખી દીધું હતું,

# ઇશ્વરની કૃપા કોને મળે?

એકવાર એક વ્યક્તિને રસ્તામાં યમરાજા મળી જાય છે પરંતુ તે ઓળખી શકતો નથી.યમરાજા પીવા માટે પાણી માંગે છે,એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તે યમરાજાને પાણી પીવડાવે છે.પાણી પીધા પછી યમરાજા કહે છે કે હું તારો પ્રાણ લેવા માટે આવ્યો હતો પરંતુ તમે મારી તરસ છીપાવી છે તેથી હું તને પોતાની કિસ્મત બદલવાની એક તક આપું છું,આમ કહીને યમરાજાએ એક ડાયરી તે વ્યક્તિને આપીને કહ્યું કે તમારી પાસે પાંચ મિનિટનો સમય છે.આમાં તમે ધારો તે લખી શકો છો અને તે પ્રમાણે જ કરવામાં આવશે પરંતુ યાદ રાખજો ફક્ત પાંચ મિનિટનો સમય આપવામાં આવે છે.

તે વ્યક્તિએ ડાયરી ખોલીને જોયું તો પ્રથમ પાન ઉપર લખ્યું હતું કે તેના પડોશીને લોટરી લાગવાની છે અને તે કરોડપતિ બનવાનો છે આ વાંચીને તેને લખી નાખ્યું કે તેના પડોશીને લોટરી ના લાગે.બીજા પાન ઉપર લખેલું હતું કે તેનો એક મિત્ર ચુંટણીમાં જીતીને મંત્રી બનવાનો છે,તે જગ્યાએ તેને લખી નાખ્યું કે તેનો મિત્ર ચુંટણી હારી જાય.

આવી જ રીતે તે એક પછી એક ફેરવતો ગયો અને સુધારા વધારા કરતો ગયો.અંતમાં તેને પોતાનું પાનું જોવામાં આવ્યું અને કંઈક લખવા પેન ઉઠાવી તે સમયે યમરાજાએ તે વ્યક્તિના હાથમાંથી ડાયરી લઇ લીધી અને કહ્યું કે બેટા તારો પાંચ મિનિટનો સમય પુરો થાય છે તેથી કંઇ થઇ શકશે નહી.

તમે મળેલ સમયમાં બીજાનું ખરાબ કરવામાં જ પસાર કરી દીધો છે અને પોતાનું જીવન ખતરામાં મુકી દીધું છે એટલે તમારો અંત નક્કી છે.આવું સાંભળીને તે વ્યક્તિને ઘણો જ પસ્તાવો થાય છે પરંતુ હવે પસ્તાવાનો કોઇ અર્થ ન હતો કેમકે સોનેરી સમય પસાર થઇ ગયો હતો.

આ કથા ઉપરથી અમારે એ બોધપાઠ લેવાનો છે કે જો અમોને પ્રભુ પરમાત્માએ શક્તિ પ્રદાન કરી હોય તો ક્યારેય કોઇનું ખરાબ ના વિચારવું કે ના તો ખરાબ કરવાનું છે.બીજાનું ભલું કરનાર હંમેશાં સુખી થાય છે અને ઈશ્વરની કૃપા હંમેશાં મળતી રહે છે.

એક વેપારીનો ખુબ જ સારો વ્યવસાય ચાલતો હતો,ભૌતિક સંપત્તિ પણ પુષ્કળ હતી.એકવાર તેને ચિંતા સતાવે છે તેથી ઉંઘ આવતી નથી.ઉંઘ ન આવવી એક બિમારી છે.વ્યકિત પથારીમાં પડતાં જ સૂઈ જાય છે તે શારીરિક દ્રષ્ટિએ સારૂં છે પરંતુ કેટલાયે લોકો એવા પણ હોય છે જેમને ઘણા સમય પછી ઉંઘ આવે છે પરંતુ જયારે ઉંઘ આવે છે ત્યારે સારી આવી જાય છે.આવી ઉંઘ ચિંતાનો વિષય નથી પરંતુ જો સૂવાના સમયે ઉંઘ ન આવે તો એ સ્થિતિ ખતરનાક થઈ શકે છે, તે સ્થિતિને અનિંદ્રા કહે છે એ સ્થિતિ વિચારવા જેવી છે.યુવાન અવસ્થામાં અનિંદ્રામાં કારણો શોધવા, હૃદયની પરેશાની, તાવ, માનસિક તનાવ, શારીરિક તકલીફ, સારી કે ખરાબ ઉત્તેજના ચિંતા, ઊંચા લોહીનું દબાણ,ઈન્ફેકશન વગેરે કોઈપણ કારણ હોઈ શકે છે. ચિંતા તનાવ વગેરે માટે કોઈને પણ ખૂલ્લાં દિલથી વાત કરવાનું લાભદાયક હોય છે.વૃદ્ધાવસ્થામાં ઉંઘની ઓછી જરૂર હોય છે.ઉંઘ વિના માણસ જીવી શકે નહીં.રાત્રી દરમિયાન કામ કરનાર લોકો લાંબે ગાળે ઉંઘની સમસ્યાઓનો શિકાર બને છે પરંતુ એક અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે માણસની જેમ ઉંમર વધે તેમ ઉંઘની જરૂરીયાત ઘટે છે.શેઠના પત્ની પતિનો ચહેરો જોઇને સમજી ગઇ કે કોઇ ચિંતાથી મારા પતિ દુઃખી છે.ચહેરો વાંચવાની પણ એક કળા હોય છે.હૃદયના ભાવ ચહેરા ઉપર પ્રતિબિંબિત થાય છે.પત્નીએ પુછ્યું કે કયા કારણોસાર આપ ચિંતિત છો? ત્યારે વેપારી કહે છે મારી ચિંતાનું કારણ એ છે કે જો આપણો બધો જ કારોબાર બંધ થઇ જશે તો આપણી શું દશા થશે? મેં હિસાબ કર્યો તો આપણી આવનાર સાત પેઢીને ચાલે તેટલું ધન આપણી પાસે છે પણ જો આપણો કારોબાર બંધ થઇ જશે તો આવનારી આઠમી પેઢી શું ખાશે? આ ચિંતાથી હું બેચેન છું. પત્નીએ કહ્યું કે આપ ચિંતા ના કરશો આપ આજે આરામથી સૂઇ જાઓ,આવતી કાલે આપણે એક સંત પાસે જઇશું અને તમારી સમસ્યાનું નિરાકારણ મેળવીશું.પ્રથમવાર કોઇ સંત પાસે જતા હોવાથી બીજા દિવસે સંત માટે અન્ન-ફળ વગેરે લઇ ગાડીમાં મૂકી સંતના આશ્રમમાં પહોંચે છે.

સંત તો અંતર્યામી હોય છે.પતિ-પત્ની બંન્ને આશ્રમમાં જઇ સંતોના શ્રીચરણોમાં પ્રણામ કરી સાથે લાવેલ અન્ન-ફળ અર્પણ કરે છે ત્યારે મહાત્માજી પોતાના શિષ્યને કહે છે કે આશ્રમની અંદર જઇ ગુરૂમાતાને પુછો કે હાલમાં આપણી પાસે કેટલું અન્ન ઉપલબ્ધ છે.શિષ્યે ગુરૂમાતાને પુછીને જવાબ આપ્યો કે ગુરૂજી.. આજ રાત્રિનું ભોજન બને તેટલું અન્ન અને સામાન ઉપલબ્ધ છે.ત્યારે મહાત્માએ શેઠાણીને કહ્યું કે માફ કરજો, અમે તમારી ભેટનો સ્વીકાર કરી શકીએ તેમ નથી કારણ કે અમોને તેની આવશ્યકતા જ નથી. શેઠાણીએ ખુબ આગ્રહ કર્યો ત્યારે મહાત્માએ કહ્યું કે આજ રાતનું આશ્રમવાસીઓનું ભોજન થાય તેટલો સામાન અમારી પાસે ઉપલબ્ધ છે જ અને આવતી કાલની ચિંતા તો પ્રભુ પરમાત્મા કરશે. જો અમારી પાસે આજના ભોજન માટે સામાન ન હોત તો અમે તમારી ભેટનો સ્વીકાર કરતા.

શેઠાણી પોતાના પતિને લઇને સંતના આશ્રમથી પરત રવાના થાય છે.રસ્તામાં શેઠાણી કહે છે કે તમે તમારા પ્રશ્નનું સમાધાન તો સંતને પુછ્યું નહી? ત્યારે વેપારી કહે છે કે પુછ્યા વિના જ મારા પ્રશ્નનું સમાધાન મળી ગયું છે.સંતને આવતીકાલની ચિંતા નથી અને મને આવનાર આઠમી પેઢીની ચિંતા થઇ રહી હતી. એક પ્રભુ પરમાત્મા ઉપર વિશ્વાસ ન હોવાથી જ આવું બને છે. જેનો પ્રભુ પરમાત્મા ઉપર અટલ વિશ્વાસ હોય છે તેની અવસ્થા આવી હોય છે અને આવી અવસ્થાવાળાને સંગ્રહની જરૂર પડતી નથી. બધાનો વિશ્વાસ રાખજો પરંતુ પોતાના મનનો વિશ્વાસ ના રાખશો.કયા સમયે ફરી જાય, ફેરવી નાખે, કેટલાકને મનને રમાડ્યા તો કેટલાક મનને રમાડે છે.વિશ્વાસનો સંબંધ બુદ્ધિ સાથે છે અને શ્રદ્ધાનો સંબંધ હૃદય સાથે



છે.વિશ્વાસ વિના ભક્તિ થતી નથી,ભક્તિ વિના ભગવાન પિગળતા નથી અને ભગવાનની કૃપા વિના જીવ સ્વપ્નમાં પણ શાંતિ પ્રાપ્ત કરી શકતો નથી.પ્રભુ પરમાત્માએ અમારા જન્મ પહેલાં અમારી પરવરીશ માટેના સામાનની વ્યવસ્થા કરેલ છે છતાં ચિંતા કરીને પરેશાન કે બેચૈન થવું એ પ્રભુ પરમાત્મામાં વિશ્વાસનો અભાવ દર્શાવે છે.ઘણીવાર અમે નિરર્થક અને અંતહીન કામનાઓના કારણે અનાવશ્યક ચિંતાઓ અને તનાવથી દુઃખી થઇએ છીએ.કામનાઓનો ત્યાગ કરવાથી જ અમે સહજ જીવન જીવી શકીએ છીએ, ઈશ્વરની કૃપાના પાત્ર બની શકીએ છીએ..

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી, તા.શહેરા, પંચમહાલ
૯૭૨૬૧૬૦૭૫(મો)

# રૂપિયા ૩૪૧૯૦૦૦૦૦ લાઇટ બીલની અડધી રકમ રૂપિયા ૧૭૦૯૫૦૦૦૦૦ ભરી ફરિયાદ કરો!!

‘બાથરૂમની લાઈટ બંધ કરો. ભમાભમ લાઈટ બળે છે. પછી ચંદનનાં લાકડા જેવું બિલ આવશે ત્યારે ખબર પડશે.’ ગુપ્તાએ ઘરમાં આવું કહ્યું.

ઘરમાં ગુપ્તા પર બધા તૂટી પડયા. ‘આખો દિવસ નકામી કચકચ ( એક અવળચંડો સવાલ પૂછવાનું મન થાય છે. કોઇ મનની વાત કરે તો અમને મનનો સવાલ પણ કરવાનો હક્ક હોય કે નહીં! કામની કચકચ કેવી હશે? જવાબ શોધીને નિરાંતે ત્રણ ચાર ભવે જવાબ આપી શકશો!!!)કરો છો! બહુ એવું લાગતું હોય તો ઉભા થઇ બાથરૂમની લાઇટ બુજાવી દો!!નકરી શેઠાઈ કરવી છે! આપણું લાઇટ બિલ હજાર દોઢ હજારથી વધુ કયાં આવે છે? કોર્ટમાં દલીલ કરો છો પણ તમારો કલાયંટ કયાં જીતે છે? કોર્ટમાં બોલતા થાકતા નથી કે ઘરે પણ નકામી કચકચ કરો છો! ન્યાયની દેવી પાસેથી તો મોઢે સેલો ટેપ લગાવવાની પ્રેરણા લો’

ગુપ્તા બહુપાંખિયા હુમલા સામે વ્યુહાત્મક પીછેહઠ કરે.જો કે, શરણાગતિનો સફેદ ધ્વજ ન લટકાવે. યુધ્ધ કેદી તરીકે સરન્ડર ન કરે.

પાકીસ્તાન આતંકવાદી મારફત ભારતમાં ઊંબાડિયા ચાંપવાની પ્રવૃતિથી વાજ ન આવે તેમ ગુપ્તા પણ સળી કરે.

‘ કોઇ ટીવી જોતું નથી તો પછી શા માટે ચલાવો છો? એસી ચાલુ રાખો છો,પછી બિલ કેસરની કિંમત કરતા વધારે આવશે’

પાછા ઘરના સભ્યો ગુપ્તા પર તૂટી પડયા.

‘ આપણે એટલું કમાણી એટલી છે કે ચણા મમરા જેટલું બિલ આવે તો ભરવા માટે સક્ષમ છીએ. પછી તમે કોર્ટમાં દલીલ કરતા હોય તેમ કકળાટ કરો છો. જજ સાહેબ જેમ તમારી દલીલ ખારીજ કરે છે તેમ અમે પણ તમારી કચકચ ખારીજ કરે છીએ!’

ફુગ્ગામાંથી હવા નીકળે અને ફૂગ્ગો ચીમળાઈ જાય તેમ ગુપ્તા ઢીલાઢસ થઇ ગયા.

તમને એમ થશે કે આ ખેલનો અંત ક્યારે આવશે? કયાં સુધી ચાલશે? ગુપ્તા ફેમિલી ગુપ્તીની દલીલો ખારીજ કરે છે. ગુપ્તા જુનવાણી માણસ છે ત્રેવડને ત્રીજો ભાવ માને છે.જીવનમાં કરકસર આગવું સ્થાન ધરાવે છે.ગુપ્તીના દિવસો ખરાબ હતા.

‘સો દિન સાસ કે તો એક દિન બહુ કા ‘ આ કહેવત સાંભળી હશે. આ કહેવત બીજી બધી રીતે બરાબર હશે પણ ગાણિતિક રીતે ગોટાળાથી ભરપૂર છે. એક વરસવા દિવસો ૩૬૫ કે ૩૬૬ છે. સાસુના ૧૦૦ દિવસ વતા વહુનો એક દિવસનો સરવાળો કરીએ તો ૧૦૧ થાય . બાકીના ૨૬૪ કે ૨૬૫ દિવસો કોના એનો આમાં કોઇ ફોડ પાડવાનાં આવેલ નથી. ટુંકમાં કન્ફયુઝન ચાલુ હૈ!!!

આખરે એક દિવસ ગુપ્તીનો આવ્યો. તેણે મોગેમ્બો, ગબ્બરસિંહ કે ડોકટર ડેંગની માફક અટ્ટહાસ્ય ન કર્યું. પણ ભગવાન કે ઓમપ્રકાશ જેવા રોતલ ચહેરે જાહેરાત કરી કે મારી વિનંતીઓ ન માનવાનું પરિણામ આ લાઇટબીલ છે. આપણા ઘરનું લાઇટ બીલ માત્ર રૂપિયા ૩૪૧૯૦૦૦૦૦૦ આવ્યું છે!!હવે જઇને ભરી આવજો! હવે કોઇ પેલું શું કહે છે તે એસી ચાલુ કરો. ટેમ્પરેચર ૧૮ પર રાખજો!!!

અડધાને બીલ અબજમાં છે ? બીલ કરોડમાં છે? તેની ખબર ન પડી!!આટલી રકમને કેમ બોલવી તેની ખબર ન પડી. એકાદ જણનું બીપી હાઇ થઇ ગયું. એકાદ મહિલાને કાર્ડિયાક એરેસ્ટ આવ્યો!!

ગુપ્તાએ કસ્ટમર કેર સેન્ટરમાં કોલ લગાવ્યો.

“હેલો . ગુપ્તા બોલું છું” ગુપ્તાએ કહ્યું.

“ નો પ્રોબ્લ્મ સર” સામેથી પ્રોફેશનલ રીસ્પોન્સ.

“ મારે કમ્પલેઇન દર્જ કરાવવી છે” ગુપ્તાએ કહ્યું.

“ સર તમારો નંબર “

“ મારો નંબર શા માટે ? તમે તમારી જાતને સુસ્મિતા સેન માની મારી સાથે ડેટિંગ કરવા માંગો છો?” ગુપ્તાએ ટાઇનોટ રમતા રોમેન્ટિક મુડમાં પૂછયું.

“ સર ઓન ડયુટી છું આવી બધી વાત ડયુટી પૂરી થયા પછી ડિસ્કસ કરવી” પેલીએ આશિકાના અંદાજમાં વાત કરી.

“ મારો નંબર-૮૮૮૮૮૮૬૩૭૫.તમારો નંબર?” ગુપ્તાએ સામો વાટકી વ્યવહાર કર્યો.

“ સર તમારો ફોન નંબરની જરૂર નથી. તમારો કસ્ટમર નંબર બોલો.” ફિમેઇલ રિસેસ્પનિસ્ટે સ્પષ્ટતા કરી.

“ મારો કસ્ટમરે નંબર ૮૮૮૮૮૮૮૮૮ છે.” ગુપ્તાએ કહ્યું.

“બોલો શું ફરિયાદ છે? પેલીએ પૂછયું.

આ મહિનાનું લાઇટ બીલ વધારે આવ્યું છે.” ગુપ્તાએ કહ્યું .

“બોલો કેટલું છે?”

“ રૂપિયા ૩૪૧૯૦૦૦૦૦૦ “ ગુપ્તાએ બીલની રકમ કહી.

“હેં હેં” પછી કોઇ અવાજ ન આવ્યો. સન્નાટો છવાઈ ગયો.

“ તમને કંઇ થઇ ગયું નથી ને?” ગુપ્તાએ આકળવિકળ થઇ ગયો.

“ સર બિલની રકમથી હચમચી ગઇ હતી. સર ઓનેસ્ટલી કહું તો તમારા બીલની રકમ જેટલું તો અમારી કંપનીનું ટર્નઓવર નથી!!” પેલીએ કહ્યું.

“ હમમ્ “ ગુપ્તા ઉવાચ

“ આગલા મહિનાનું બિલ કેટલું હતું?” પેલીએ પૂછયું.

“ રૂપિયા ૧૩૦૦ “ગુપ્તાએ કહ્યું.

“હે હેં હેં”પેલીએ હાયકારો કર્યો.

મારે ફરિયાદ કરવી છે.” ગુપ્તાએ કહ્યું.

“સર. એઝ પર પ્રીવેઈલીંગ રૂલ્સરેગ્યુલેશન તમારે વિવાદિત બીલની રકમના ૫૦ % રકમ રૂપિયા ૧૭૦૯૫૦૦૦૦૦ બેઠકમાં ચલણથી ભરીને અરજી કરવાની રહેશે!!” આ રકમ જાણે ચણામમરા હોય તેવા નિર્લેપ ટોનમાં કહ્યું.

ગુપ્તા માટે એક બાજુ કૂવો અને બીજી બાજુ ખાઇ જેવો માહૌલ થયો. જો કે હવે ઘરમાં જરૂર ન હોય તો લાઇટ સ્વીચ ઓફ કરવા કહેવું પડતું નથી. ઘરના સભ્યો પણ લાઇટ બુઝાવી દે છે!આને કહેવાય પોજીટીવ પંચ!!! કહે છે કે આટલી મોટી રકમના બાલને હ્યુમન એરર ( હ્યુમન એરર આવી હોય તો આટ્રિફિશિયલ ઇનટેલિજન્સ કેવડી હોય?)ગણી ગુપ્તાના ઘરનું રીવાઇઝડ બીલ રૂપિયા ૧૩૦૦ કરી આપ્યું. આમ, વીજ કંપનીને ૩૪૧૮૦૦૯૮૭૦૦નો ચુનો લાગ્યો!!

ભરત વૈષ્ણવ
૧.૮.૨૦૨૩

## હતી

ગરીબી ધૂળ ફાંકતી હતી,
અમીરી ધૂળ ફાંકતી હતી.
સમય સાથે કદમ મિલાવવા,
જિંદગી મૂળથી હાંફતી હતી.
એ સીધી ઉભી રહી શકી નહીં,
એની એવી હસ્તિ કાંપતી હતી.
ત્યાં યમદૂત આવી શકે નહીં,
એવી એની હાંક-ધાસ્તિ હતી.
મુશ્કેટાટ પકડવા ચાહી સખીને,
દોડતી નાસતી ભાગતી હતી.!!
ભરત વૈષ્ણવ

# પવિત્ર શ્રાવણ માસમાં શિવનાં બાર જ્યોતિર્લિંગની કથા અને મહત્વ

**’કપુર ગૌરં કરુણાવતાંર, સંસાર સારં ભુજગેન્દ્રહારમ ?**
**સદા વસન્ત હૃદયારવિન્દે ભવંભવાની સહિંતં નમામિ ??**

૧૨ જ્યોતિર્લિંગનો મહત્વ અને મહિમાપ. ભગવાન શિવની ભક્તિનો મહિનો ચાલુ છે. શિવમહાપુરાણ અનુસાર, એકમાત્ર ભગવાન શિવ એકમાત્ર દેવતા છે જે નિરર્થક અને સફળ બંને છે. આ જ કારણ છે કે એકમાત્ર શિવની પૂજા લિંગ અને મૂર્તિ બંને સ્વરૂપોમાં કરવામાં આવે છે. ભારતમાં ૧૨ મોટા જ્યોતિર્લિંગ છે. આ બધાનું પોતાનું મહત્વ અને મહિમા છે.એવું પણ માનવામાં આવે છે કે જો સાવન મહિનામાં ભગવાન શિવનાં જ્યોતિર્લિંગો જોવામાં આવે તો જન્મ પછી જન્મની સમસ્યાઓ દૂર થાય છે. આ જ કારણ છે કે સાવન મહિનામાં ભારતના ૧૨ જ્યોતિર્લિંગોની મુલાકાત માટે ભક્તો ઉમટતા હોય છે. આજે અમે તમને આ ૧૨ જ્યોતિર્લિંગનું મહત્વ અને મહિમા જાણીએ..

૧.સોમનાથઃ સોમનાથ જ્યોતિર્લિંગને ફક્ત ભારત જ નહીં પરંતુ આ પૃથ્વીનો પ્રથમ જ્યોતિર્લિંગ માનવામાં આવે છે. આ મંદિર ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલું છે. આ મંદિર વિશે એવું માનવામાં આવે છે કે જ્યારે દક્ષા પ્રજાપતિ દ્વારા ચંદ્રને શ્રાપ આપવામાં આવ્યો હતો, ત્યારે ચંદ્રએ આ સ્થાન પર ધ્યાન કર્યું હતું અને આ શ્રાપથી મુક્તિ મેળવી હતી. એવું પણ કહેવામાં આવે છે કે આ શિવલિંગની સ્થાપના ખુદ ચંદ્રદેવે જ કરી હતી. વિદેશી આક્રમણને કારણે તે ૧૭ વખત નાશ પામ્યુ છે. દરેક વખતે તે તુટે છે અને તેની રચના કરવાનું ચાલુ રાખે છે.

૨.મલ્લિકાર્જુનઃ આ જ્યોતિર્લિંગ આંધ્રપ્રદેશમાં કૃષ્ણ નદીના કિનારે શ્રીસૈલ નામના પર્વત પર સ્થિત છે. આ મંદિરનું મહત્વ ભગવાન શિવનાં કૈલાસ પર્વત જેવું જ કહેવાય છે. ઘણા ધાર્મિક ગ્રંથો તેના ધાર્મિક અને પૌરાણિક કથાને સમજાવે છે.



એવું કહેવામાં આવે છે કે આ જ્યોતિર્લિંગને જોઈને જ વ્યક્તિને તેના બધા પાપોથી મુક્તિ મળે છે. એક દંતકથા અનુસાર, જ્યાં આ જ્યોતિર્લિંગ સ્થિત છે, તે પર્વત પર શિવની પૂજા કરવાથી વ્યક્તિને અશ્વમેધ યજ્ઞ જેવા પુણ્યફળ પ્રાપ્ત થાય છે.

૩. મહાકાલેશ્વર જ્યોતિર્લિંગઃ આ જ્યોતિર્લિંગ મધ્ય પ્રદેશની ધાર્મિક રાજધાની તરીકે ઓળખાતા ઉજ્જૈન શહેરમાં સ્થિત છે. મહાકાળેશ્વર જ્યોતિર્લિંગની વિશેષતા એ છે કે તે એકમાત્ર દક્ષિણમુખી જ્યોતિર્લિંગ છે. અહીં દરરોજ સવારે પૂજા આખા વિશ્વમાં પ્રખ્યાત છે. વય વધારો અને વય સંબંધિત સંકટથી બચવા ખાસ કરીને મહાકાળેશ્વરની પૂજા કરવામાં આવે છે. ઉજ્જૈનના રહેવાસીઓ માને છે કે ભગવાન મહાકાળેશ્વર તેમના રાજા છે અને તેઓ ઉજ્જૈનનું રક્ષણ કરી રહ્યા છે.

૪.ઑમકારેશ્વરઃ ઑમકારેશ્વર જ્યોતિર્લિંગ મધ્યપ્રદેશના પ્રખ્યાત શહેર ઇંદોર નજીક સ્થિત છે. આ જ્યોતિર્લિંગ જ્યાં આવેલું છે, તે સ્થળે નર્મદા નદી વહે છે અને ડુંગરની આજુબાજુ નદી વહીને અહીં ૪ નો આકાર રચાય છે. ‘શબ્દ’ બ્રહ્માના મુખમાંથી આવ્યો છે. તેથી કોઈપણ ધાર્મિક ગ્રંથ અથવા વેદનું પાઠ ૭ સાથે કરવામાં આવે છે. આ જ્યોતિર્લિંગને આકાર એટલે કે, આકાર આપવામાં આવ્યું છે, જેના કારણે તે ઓમકારેશ્વર તરીકે ઓળખાય છે.

૫.કેદારનાથઃ કેદારનાથમાં જ્યોતિર્લિંગ ભગવાન શિવનાં ૧૨ મોટા જ્યોતિર્લિંગોમાં પણ આવે છે. તે ઉત્તરાખંડમાં આવેલું છે. બાબા કેદારનાથનું મંદિર બદ્રીનાથના માર્ગમાં આવેલું છે. કેદારનાથ સમુદ્ર સપાટીથી ૩૫૪ મીટરની ઉંચાઇ પર સ્થિત છે. કેદારનાથનું વર્ણન સ્કંદ પુરાણ અને શિવ પુરાણમાં પણ જોવા મળે છે. આ મંદિર ભગવાન શિવને ખૂબ જ પ્રિય છે. કૈલાસ મહત્વનું હોવાથી શિવએ કેદાર ક્ષેત્રને પણ મહત્વ આપ્યું છે.

૬. ભીમાશંકરઃ ભીમાશંકર જ્યોતિર્લિંગ મહારાષ્ટ્રના પૂના જિલ્લામાં સહ્યાદ્રી નામના પર્વત પર સ્થિત છે. ભીમાશંકર જ્યોતિર્લિંગ મોટેશ્વર મહાદેવ તરીકે પણ ઓળખાય છે. આ મંદિર વિષે, એવું માનવામાં આવે છે કે જે ભક્ત જે આ મંદિરને દરરોજ સવારે સૂર્ય ઉગતા પછી આદરપૂર્વક જુએ છે, તેના સાત જન્મોનાં પાપો દૂર થાય છે અને તેમના માટે સ્વર્ગ તરફ જવાના માર્ગ ખુલી જાય છે.

૭. કાશી વિશ્વનાથઃ વિશ્વનાથ જ્યોતિર્લિંગ ભારતના ૧૨ જ્યોતિર્લિંગોમાંનું એક છે. તે ઉત્તર પ્રદેશના કાશી નામના સ્થળે સ્થિત છે. કાશી તમામ ધાર્મિક સ્થળોમાં સૌથી વધુ મહત્વ ધરાવે છે. તેથી, તમામ ધાર્મિક સ્થળોએ કાશીનું ખૂબ મહત્વ હોવાનું કહેવાય છે. આ સ્થાનની માન્યતા એ છે કે હોલોકોસ્ટ પછી પણ, આ સ્થાન રહેશે. તેની સુરક્ષા માટે, ભગવાન શિવ આ સ્થાન તેમના ત્રિશૂળ પર રાખશે અને જ્યારે હોલોકોસ્ટ ટળી જાય ત્યારે કાશીને તેની જગ્યાએ પાછો મૂકશે.

૮.ત્ર્યંબકેશ્વરઃ આ જ્યોતિર્લિંગ ગોદાવરી નદીની નજીક મહારાષ્ટ્ર રાજ્યના નાસિક જિલ્લામાં સ્થિત છે. આ જ્યોતિર્લિંગની નજીકમાં બ્રહ્મગિરિ નામનો પર્વત છે. ગોદાવરી નદી આ પર્વતથી શરૂ થાય છે. ભગવાન શિવનું એક નામ ત્ર્યંબકેશ્વર પણ છે. એવું કહેવામાં આવે છે કે ગૌતમ ઋષિ અને ગોદાવરી નદીના આગ્રહથી ભગવાન શિવને અહીં જ્યોતિર્લિંગ સ્વરૂપે રોકાવું પડ્યું હતું.

૯.વૈદ્યનાથઃ શ્રી વૈદ્યનાથ શિવલિંગને તમામ જ્યોતિર્લિંગોની ગણતરીમાં નવમાં ક્રમ આપવામાં આવ્યો છે. ભગવાન શ્રી વૈદ્યનાથ જ્યોતિર્લિંગનું મંદિર જ્યાં આવેલું છે તેને વૈદ્યનાથ ધામ કહે છે. આ સ્થાન ઝારખંડ રાજ્ય (અગાઉના બિહાર) ના દેવઘર જિલ્લામાં આવે છે.

૧૦. નાગેશ્વર જ્યોતિર્લિંગઃ આ જ્યોતિર્લિંગ ગુજરાતની સીમમાં દ્વારકા સ્થાને સ્થિત છે. શાસ્ત્રોમાં, ભગવાન શિવ સર્પોના દેવ છે અને નાગેશ્વરનો સંપૂર્ણ અર્થ સર્પનો દેવ છે. ભગવાન શિવનું બીજું નામ પણ નાગેશ્વર છે. નાગેશ્વર જ્યોતિર્લિંગ પણ દ્વારકા પુરીથી ૧૪ માઇલ દૂર છે.

આ જ્યોતિર્લિંગના મહિમામાં કહેવામાં આવ્યું છે કે જે વ્યક્તિ અહીં પૂર્ણ ભક્તિ અને શ્રદ્ધાથી મુલાકાત લે છે તેની બધી ઈચ્છાઓ પૂર્ણ થાય છે.

૧૧.રામેશ્વરમ જ્યોતિર્લિંગઃ આ જ્યોતિર્લિંગ તમિલનાડુ રાજ્યના રામાનાથપુરમ નામના સ્થળે સ્થિત છે. ભગવાન શિવનાં ૧૨ જ્યોતિર્લિંગોમાંના એક ઉપરાંત, આ સ્થાન હિન્દુઓના ચાર ધામોમાંનું એક પણ છે. આ જ્યોતિર્લિંગ વિશે એવી માન્યતા છે કે તેની સ્થાપના ભગવાન શ્રી રામ પોતે જ કરી હતી. ભગવાન રામ દ્વારા સ્થાપિત થવાને કારણે, આ જ્યોતિર્લિંગને ભગવાન રામ, રામેશ્વરમ નામ આપવામાં આવ્યું છે.

૧૨.ધૃર્ણેશ્વર મંદિરઃ ધૃર્ણેશ્વર મહાદેવનું પ્રખ્યાત મંદિર મહારાષ્ટ્રના ઓરંગાબાદ શહેર નજીક દૌલતાબાદ નજીક આવેલું છે. તે ધૃર્ણેશ્વર અથવા ઘુશ્મેશ્વર તરીકે પણ ઓળખાય છે. દૂર-દૂરથી લોકો અહીં દર્શન કરવા અને આધ્યાત્મિક શાંતિ મેળવવા આવે છે. ભગવાન શિવનાં ૧૨ જ્યોતિર્લિંગોમાં આ છેલ્લું છે. બૌદ્ધ સાધુઓ દ્વારા બનાવવામાં આવેલી પ્રખ્યાત એલોરા ગુફાઓ આ મંદિરની નજીક સ્થિત છે. તે શ્રી એકનાથજી ગુરુ અને શ્રી જનાર્દન મહારાજની સમાધિ પણ છે.

? ‘કપુર ગૌરં કરુણાવતાંર, સંસાર સારં ભુજગેન્દ્રહારમ ?
સદા વસન્ત હૃદયારવિન્દે ભવંભવાની સહિંતં નમામિ ??

**જરુર વાંચજો ખુદ ભગવાને સુચના લખી છે....**
**મંદિરમાં લગાવજો?**

"ભગવાનની વ્યથા...?"
હું ઈશ્વર છું....
તમે કરોડો છો ને હું એક છું...
મારે પડી રહેવું હોય
પણ તમારે,
મંગળા આરતી કરવી હોય એટલે મને વાઘાં પહેરાવીને બાબલાની જેમ તૈયાર કરી દો છો....
ભોગ મને ધરાવો છો
ને આરોગો છો પોતે...
જે દિવસે એક જલેબી ચાખીશ એ દિવસથી પ્રસાદ ધરાવવાનું બંધ થઈ જશે તે
જાણું છું...
લગ્ન નથી થતાં
તે મંગળફેરા માંગે છે....
સંતાન નથી
તે ઘોડિયું માંગે છે....
કોઈને નોકરી જોઈએ છે
તો કોઈને છોકરી...
માબાપ જોઈતાં નથી, પણ મિલકત બધાંને જોઈએ છે....
કોઈ કમાવા માંગે છે
તો કોઈ ચોરી કરવા માંગે છે....
કોઈને બજાર ઊંચું લઈ જવું છે તો કોઈને મફતનું જોઈએ છે....
કોઈ રોટલો માંગે છે
તો વળી કોઈ ઓટલો....
મહામારી હું લાવ્યો નથી
પણ તે કાઢવાનું મને કહેવાય છે....
જે આવે છે તે
ઘંટ ખખડાવીને મારા કાન
કોતરે છે....
હું કોઈનું કામ નથી કરતો તો મારા પરની શ્રદ્ધા ઘટી જાય છે....
કોઈનું કામ થઈ જાય છે તો મને મહાભોગ ચડે છે....
વરસાદ નથી આવતો
તો યજ્ઞ થાય છે.....
આકાશ ખાબકે છે
તો ખમ્મા કરવાનું મને કહેવાય છે....
પણ સાચું કહું
હું કોઈનું કૈં કરતો નથી....
નથી હું પરણાવતો
કે નથી કોઈનું છૂટું કરતો....
જંગલ હું નથી કાપતો
મોટી બિલ્ડીગો મેં નથી બાંધ્યાં....
અમીર હું નથી કરતો,
ગરીબી મેં નથી આપી....
તમને લીલીછમ પૃથ્વી
આપી તે રહેવા માટે,
એની તમે રાખ કરો
તો એમાં મારો શો વાંક?
મેં અણુ આપ્યો,
ને તમે બૉમ્બ બનાવ્યો,
પછી કહો કે શાંતિ વાર્તા કરો તો કેવી રીતે કરું?
સાચું કહો
તમે મને "ઈશ્વર" માનો છો કે "નોકર" ?
પ્રાર્થનાની આડમાં તમે
આજ્ઞાઓ જ કરો છો કે બીજું કૈં ?
ને તમે ઈચ્છો છો કે હું સેવા કરું,
પણ હું કોઈનું સાંભળતો નથી....
હું મેરેજ બ્યુરો ચલાવતો નથી કે નથી ચલાવતો કોઈ
એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ....
મેં કોઈનું કૈં બગાડ્યું નથી
કે નથી મારે કોઈ પાસેથી કૈં જોઈતું કરતું...
શ્રીફળ વધેરીને
મને વધેરવાનું રહેવા દો...
આપવાનું હતું તે આપ્યું જ છે
હવે મારી પાસે કૈં નથી
કૃપા કરીને હવે કૈં માંગીને
મને શરમાવશો નહી....
તમારું કામ થઈ જશે
એમ કહેનાર મારા કોઈ
સહાયક કે કમિશન એજન્ટો
મેં નિમેલા નથી....
તમે આજ સુધી
ઘણી પ્રાર્થનાઓ કરી
પણ આજે , હું તમને
એક પ્રાર્થના કરું છું....
જાણું છું એ પછી
કોઈ મારી પાસે કે મંદિરમાં
આવવાનું નથી....
તોય કહું છું કે
કોઈ માંગણી ન હોય કે કોઈ લાંચ આપવાના ના હોય તો!!!
તો જ...આવજો.
ભગવાનની વ્યથા...!
જય શ્રીકૃષ્ણ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS NO. 0037**
વિષય - શ્રાવણ... શિવજી....
વિભાગ - પદ્ય. (ધૂન )
શીર્ષક - શ્રાવણ માસે.
નામ - હેમલતા દિવેચા " હેમ "

શ્રાવણ માસે, સોમનાથ ધામે,
ભાવથી ભજશો, ભોળાનાથ જાગશે,
દર્શન કરો તો બેડો પાર,
સૌ લોક દર્શને આવજો....!
શ્રાવણ માસે સોમનાથ ધામે....!
હરી અને હર જ્યાં સંગે બિરાજે,
મહાસાગર અભિષેક કરે,
બોલો ૐ હર હર મહાદેવ,
સૌ લોક દર્શને આવજો....!
શ્રાવણ માસે સોમનાથ ધામે...!
કપીલા,સરસ્વતીને હિરણ આવે,
આવી,હરી,હરના ચરણ પખાળે,
આવો અદ્ભૂત ત્રિવેણી સંગમ,
સૌ લોક દર્શને આવજો.....!
શ્રાવણ માસે સોમનાથ ધામે...!
દર્શન કરે તેનાં કષ્ટ હરી હરશે,
દેવોના દેવ,મહાદેવ,
સૌરાષ્ટ્રે પ્રથમ જ્યોતર્લિંગ,
સૌ લોક દર્શને આવજો...!
શ્રાવણ માસે સોમનાથ ધામે...!
ધરા અલૌકિક સૃષ્ટિમાં એક છે,
હરી અને હરનો કણ કણમાં વાસ છે,
ભવસાગર તરી જવાય,
સૌ લોક દર્શને આવજો...!
શ્રાવણ માસે સોમનાથ ધામે...!
હેમલતા દિવેચા ( હેમ ) જૂનાગઢ.

---

**NOG:SS:NO.:0101**
વિષય: શ્રાવણ.....શિવજી.....
વિભાગ : ગદ્ય લેખ
શબ્દો : ૩૯૩
શીર્ષક : શિવ મહિમ્ન સ્તોત્રની કથા અને તેનો ભાવાર્થ.
ભરત સાંગાણી

શિવભક્ત પુષ્પેન્દ્ર ગંધર્વ હતો. એકવાર જ્યારે તે પૃથ્વી પર ફરતો હતો ત્યારે તેણે રાજા ચિત્રરથ દ્વારા નિર્મિત સુંદર ઉપવન જોયું.

ત્યાં રાજા રોજ આવતો અને શિવની પૂજા માટે ત્યાંથી સુંદર ફૂલો ચૂંટીને લઈ જતો. પુષ્પેન્દ્ર ગંધર્વ સુંદર ફૂલોથી આકર્ષાય રોજ ચૂંટવા લાગ્યો. રાજા બગીચામાં ફૂલો ચૂંટાયેલા જોઈ અચંબામાં પડી ગ્યો. કોણ આવું કાર્ય કરે છે?

પુષ્પેન્દ્ર પાસે અદશ્ય થવાની શક્તિ હતી તેથી તેને કોઈ જોઈ શકતું ન હતું.

રાજાએ ચોરને પકડવા તરકીબ કરી તેણે બગીચામાં ચારે બાજુ બીલી પત્રો વેરી દીધા આ વાતથી અજાણ પુષ્પેન્દ્રના ચરણો બીલીપત્રો પર પડ્યાં. તેથી શિવ ગુસ્સે થયાં અને ગંધર્વની અદશ્ય રહેવાની અલૌકિક શક્તિ છીનવી લીધી.

પુષ્પેન્દ્ર શિવનો ઉત્તમ ભક્ત હતો તેને પોતાની ભૂલ સમજાઈ. શિવની ક્ષમાયાચના કરી.ભોળા શિવે તેને ક્ષમા આપી.

તે પછી પોતાની ભૂલના પ્રયશ્ચિત રૂપે શિવની પ્રાર્થના કરવા શિવમહિમાનું તેંતાલિશ સ્તોત્ર/શ્લોકોની રચના કરી.

શિવ મહિમ્ન સ્તોત્રનો ભાવાર્થ:

શિવનું માહત્મ્ય શબ્દો દ્વારા કરવું કઠિન છે. શિવના ગુણગાન કોણ કરી શકે. શિવ આદિને અંત રહિત પરમાત્મા છે. એમને વંદન કરું છું.

આ સ્તોત્રના વાંચન મનનથી વાણી શુદ્ધ થશે અને બુદ્ધિનો વિકાસ થશે.

બધાં વેદ અને સત્વ, રાજસ, તમસ ગુણોને આપે જ પ્રકાશિત કર્યા છે.

હે શિવ આ સૃષ્ટિના સાતે લોકના કર્તા તમે છો.

હે શિવ સત્યને પામવા જુદા જુદા માર્ગો છે. પણ અંતેતો સૌ માર્ગો તમારી તરફ લઈ જાય છે.

હે શિવ તમે ઈચ્છા રહિત અને પોતાનામાં ધ્યાન મગ્ન છો.

નિત્ય અનિત્ય સંસારની દ્વિધામાં અટવાયેલાઓ માટે આપની ભક્તિ જ ઉત્તમ છે. તે ક્યારેય વિફળ થતી નથી.

રાવણે તમારી ભક્તિને વશ થઈ તેના એક એક કરતાં દસ શિર તમારે ચરણે ધરી દીધાં હતાં.તેને આપે ઉત્તમ વરદાન આપ્યાં એ જ રાવણ જ્યારે અહંકાર યુક્ત થઈ ગયો ત્યારે તેને અંગુઠા નીચે દબાવી દીધો હતો. પછી આપની શરણાગતિમાં આવ્યો ત્યારે મુક્ત થયો.

હે શિવ! સમુદ્રમંથન વખતે તમે જ સંસારની રક્ષા માટે તમે જ કાલકુટ વિષનું પાન કર્યું. ત્યારથી તે તમારા કંઠમાં નિષ્ક્રિય થઈને રહ્યું છે.તેથી તમે નીલકંઠ કહેવાયા.

હે નટરાજ! જ્યારે તમે સંસાર કલ્યાણ માટે તાંડવ કરો છો. ત્યારે સારી સૃષ્ટિ ભયભીત થઈ જાય છે.

હે શિવ! સ્વર્ગમાંથી નીચે ઉતરતી ગંગાને આપે જટામાં ઝીલી પૃથ્વી પર આહીસ્તા મૂકી દીધી.

હે શિવ! તમે જ કર્મ અને ફલની સૃષ્ટિ બનાવી છે. આ સંસારનો સર્વ આનંદ જ આપ છો. હે શિવ તમે જ પંચ મહાભૂત તત્વો છો.

સૃષ્ટિમાં એવું કશું નથી જેમાં આપ વ્યાપ્ત ન હો. તમે ગુણોથી અતિત છો.

જે આ સ્તોત્રનો નિયમિત પાઠ કરશે તે તેના જીવન દરમ્યાન ખૂબ સુખ અને સમૃદ્ધિ ભોગવશે, અને શિવધામને પ્રાપ્ત કરશે.

ભરત સાંગાણી

---

**NOG SS NO : 117**
વિષય : શિવજીનું મનુષ્યલોક માં મહત્વ
' શિવ, શ્રાવણ અને સ્ટેટસ..'

શ્રાવણ મહિનો બેસ્યો નથી કે, લોકો ના સ્ટેટસ મા ભગવાન શિવજી દેખાયા નથી.ભગવાન પણ વિચારતા હશે કે, મારા આટલા ભક્તો ક્યાંથી ફૂટી નીકળ્યા ? એક જમાનો હતો જ્યારે ઋષિમુનિઓ અખંડ જાપ અને તપસ્યા કરીને પ્રભુને મનાવતા અને વરદાન માંગતા.અને હવે ? લોકો સ્ટેટસ મૂકવામાં થી ઉંચા આવે તો જાપ અને તપસ્યા કરેને ? જાણે કેમ વધુ સ્ટેટસ મૂકશે તો ભગવાન ખુશ થઈને વરદાન આપવા આપશે !! લોકોએ ભગવાન ને સોશિયલ મીડિયા પર ફોલોવર્સ વધારવાનું બહાનું બનાવી દીધા છે. આ સ્ટેટસ મુકવા, મંદિરે જઈને ભગવાનના ફોટો પાડી અને તેને સ્ટેટસ માં મુકવા, રક્ષ્ઁઅ જરક્રિદ્દ્રહ ના ફોટો અને વીડિયો એકબીજાને મોકલવા..શું આ જ છે ભગવાન ની ભક્તિ ?

જો માનો તો પ્રભુ તો આપણી અંદર માં જ રહેલા છે.એમને કોઈ ડીપી,સ્ટેટસ કે રીલ ની જરૂર નથી. એમને તો જરૂર છે માત્ર તમારા શુદ્ધ ભાવ અને શુદ્ધ મન ની.યુવાનો પોતાની ભક્તિ દેખાડે છે એ સારી બાબત છે. પણ, યુવાનો ને શ્રાવણ મહિના મા જ ભગવાન શિવ ની કેમ આરાધના થાય છે એની ખબર છે?

શ્રાવણ મહિના નું નામ શ્રવણ નક્ષત્ર પરથી પડ્યું છે.આ મહિનાની પૂનમના દિવસે ચંદ્રમા શ્રવણ નક્ષત્ર માં હોઈ છે.શ્રવણ નો અર્થ થાય છે, સાંભળવું. એટલે જ આ મહિના મા ધાર્મિક ગ્રંથો ને સાંભળવામાં આવે છે.પ્રભુ ભજન નું શ્રવણ કરવામાં આવે છે.

એક પૌરાણિક કથા પ્રમાણે એવું પણ કહેવાયું છે કે,શ્રાવણ મહિના મા જ સમુદ્રમંથન થયું હતું.જેમાંથી નીકળેલા વિષને ભગવાન શિવ એ પોતાના કંઠ માં ગ્રહણ કર્યું હતું.અને આ સમગ્રસૃષ્ટિ ને બચાવી હતી.વિષનો પ્રભાવ ઓછો કરવા બધા દેવી - દેવતાઓ એ ભગવાન શિવ પર ઠંડુ પાણી રેડ્યું હતું. અને એટલે જ શ્રાવણ મહિના માં ભગવાન શિવ નો જળાભિષેક કરવાનું મહાત્મ્ય છે.

એવું પણ કહેવાય છે કે, દક્ષ પુત્રી માતા સતી એ પોતાનું જીવન ત્યાગ કરીને હજારો વર્ષો સુધી શ્રાપિત જીવન વિતાવ્યું હતું. અને ત્યારબાદ તેમને હિમાલયરાજ ના ઘરે પાર્વતી સ્વરૂપે જન્મ લીધો.પાર્વતી એ શિવ ને પતિ સ્વરૂપે પામવા શ્રાવણ મહિના મા જ તપસ્યા કરી હતી. જેનાથી પ્રસન્ન થઈ ને ભગવાન શિવજી એ તેમની મનોકામના પુરી કરી અને માતા પાર્વતી ને તેમની પત્ની સ્વરૂપે સ્વીકાર્યા.

- મેઘના કામદાર
( અમદાવાદ )

# ટાઈમ મેગેઝિનના " વિશ્વના મહાનતમ સ્થળો-૨૦૨૨"માં અમદાવાદને સ્થાન

અમદાવાદ,

એક એવું શહેર જે સ્વતંત્રતા પુર્વે કપાસની મિલો અને કાપડ ઉદ્યોગોથી ધમધમતું હતું. આજે, તે ગુજરાતના વિકાસના એન્જિનનું કેન્દ્ર છે. અગાઉ ભારતનું માન્ચેસ્ટર કહેવાતાઆ શહેરને ૨૦૧૭માં 'યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સિટી'નો દરજ્જો આપવામાં આવ્યો હતો. અમદાવાદ એક જીવંત સંસ્કૃતિ, કલા, પરંપરાઓ અને ઉત્સાહપૂર્ણ જીવન સાથે ધબકતું શહેર છે..

આ કારણોથી TIME મેગેઝિન દ્વારા 'વર્લ્ડ્સ ગ્રેટેસ્ટ પ્લેસિસ ૨૦૨૨'માં ભારતના એકમાત્ર 'યુનેસ્કો હેરિટેજ સિટી'નો કરાયો સમાવેશ.

સાબરમતી નદીના બે કાંઠે વસેલું અમદાવાદએ આધુનિકતા સાથે ભવ્ય ભૂતકાળના આકર્ષણનું સંગમ સ્થાન છે. સીદી સૈય્યદની જાળી પરની કોતરણીથી લઈને વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સુધી અમદાવાદમાં તમામ સ્થળોનો સમન્વય છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ આ શહેરની મહત્વની ભૂમિકા છે. મહાત્મા ગાંધીએ ૧૨ માર્ચ, ૧૯૩૦ના રોજ સાબરમતી આશ્રમથી મીઠાના સત્યાગ્રહની શરૂઆત કરી હતી.

ખુબ ઓછા લોકો એ વાત જાણે છે કે ૧૧મી સદીમાં શાસક આશા ભીલના નામ પરથી આ શહેરને આશાવલ પણ કહેવામાં આવતું હતું. સ્વદેશી અમદાવાદી સાડી હજુ પણ આશાવલી સાડી તરીકે ઓળખાય છે. આ વિસ્તાર હાલના જમાલપુર દરવાજા થઈને કેલિકો મિલ્સથી આસ્ટોડિયા દરવાજા સુધી વિસ્તરેલો છે જે આશા ભીલના ટેકરા તરીકે ઓળખાતું હતું . આશાવલી સાડીઓ વણાટનું કેન્દ્ર આજે અમદાવાદના કોટવાળા શહેરમાં આવેલું છે.

જૂના અમદાવાદ શહેરની પ્રખ્યાત હેરિટેજ વોક તમને પોળમાં લઈ જશે અને તમને જૂના શહેરના જીવનની ઝલક આપશે. તો સાથે જ, જૂના શહેરની કેટલીક ઈમારતોમાં ફ્રેન્ચ અને પર્શિયન સ્થાપત્યની ઝલક પણ જોઈ શકાય છે.ગત વર્ષે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે નવા આકર્ષણોનું ઉદ્ઘાટન કર્યું હતું. જેનું નિર્માણ અંદાજિત ૪૦૦ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે. વિવિધ દરિયાઈ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિને પ્રદર્શિત કરવા? ૨૬૦ કરોડના ખર્ચે બનેલ ૬૮ ટેક્ન ધરાવતી એક્વેટીક ગેલેરી ભારતમાં સૌથી મોટી છે. સાથે જ તેમાં પાણીની અંદર ચાલવાનો અદભૂત માર્ગ બનાવવામાં આવ્યો છે જે મુલાકાતીઓને આકર્ષક અનુભવ આપે છે.

રૂપિયા ૧૨૭ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ રોબોટીક ગેલેરી ૧૧,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલી છે જેમાં ૭૯ પ્રકારના ૨૦૦ થી વધુ રોબોટ્સ છે. આ ગેલેરીમાં હ્યુમનોઈડ રોબોટ્સનો સમાવેશ થાય છે જે દેખાવમાં માનવ જેવા જ હોવાની સાથે આસપાસના લોકો સાથે વાતચીત પણ કરે છે. આજે બાળકો અને યુવાનો માટે તે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. તેની સાથે ૨૦ એકરમાં ફેલાયેલા નેચર પાર્કનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

એટલું જ નહીં, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના કેમ્પસમાં આવેલી કાઈઝેન એકેડમી, એક આકર્ષક જાપાનીઝ શૈલીનો ઝેન ગાર્ડન ધરાવે છે. આ ગાર્ડન વિશે એક રસપ્રદ બાબત એ છે કે તેને અમદાવાદની પ્રાચીન અને આધુનિક એમ બે શહેર આધારિત આર્કિટેક્ટ્સ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે.

ઝેન ગાર્ડનથી ૧૦ મિનિટ દૂર, તમને લો ગાર્ડન ખાતે સ્થાનિક કલા અને પરંપરાગત પોશાકનો ખજાનો જોવા મળશે. આ વિસ્તારમાં નવરાત્રિ દરમિયાન ભારતના વિવિધ ભાગોમાંથી હજારો લોકો ઉમટી પડે છે. જૂના શહેરમાં આવેલ ૨.૫ હાઉસ એ અસલ ગુજરાતી ભોજનનો સ્વાદ માણવા માટેનું શ્રેષ્ઠ સ્થળ છે. તે વિસ્તારની આસપાસ તમને ૭ દાયકાથી વધુ સમયથી વિવિધ પ્રકારની મીઠાઈઓ વેચતી દુકાનો અને વિક્રેતાઓ જોવા મળશે.

તદ્ઉપરાંત એશિયાની શ્રેષ્ઠ વ્યવસ્થાપન સંસ્થાઓમાંની એક- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ પણ અમદાવાદમાં છે. તેનું જૂનું કેમ્પસ પણ જોવા લાયક સ્થળ છે કારણ કે તે પ્રખ્યાત આર્કિટેક્ટ લુઈસ કાહ્ન દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે.

મુલાકાત લેવા માટેના અન્ય સ્થળોમાં સાબરમતી રિવરફ્રન્ટ, માણેક ચોક, પતંગ બજાર વગેરેનો સમાવેશ થાય છે.

## ગૌ વંશને તાત્કાલિક લમ્પી વાઈરસ સામે રસીકરણ કરાવવા સાંસદ રામભાઈ મોકરિયાને એનિમલ હેલ્પલાઈનની રજૂઆત



**રામભાઇ મોકરિયા એ મુખ્યમંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી , વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરી, સૂચનો કર્યા અને માર્ગદર્શન આપ્યું.**

ગૌ ધન,ભેંસમાં લમ્પી સ્કીનનો રોગ શરૂ થયો છે. સારવાર કરવાથી આ રોગને કાબૂમાં લઈ શકાય છે.

આ રોગથી કોઈપણ વ્યકિતને ડરવાની જરૂરી નથી કારણ કે આ રોગ માત્ર પશુઓમાં જ જોવા મળે છે. લમ્પી સ્કીન ડીસીઝ એ એક ગંભીર રોગ થઈ શકે (જો પુરતી સારવાર ન મળે તો) તે પ્રકારનો વાયરલ રોગ છે. જે ગાય અને ભેંસમાં વધુ જોવા મળે છે. આ રોગનો ફેલાવો ખાસ કરીને પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે જે પશુને આ રોગ થયો છે તે બીજા પશુઓના સંપર્કમાં આવવાથી ફેલાય છે ખાસ કરીને જંતુઓ અને મચ્છરથી વધુ ફેલાવો થાય છે.

આ રોગના મુખ્ય લક્ષણો ચામડીમાં ગાંઠ થવી. ઉચ્ચ તાવ આવવો, નબળાઈ આવવી, પશુઓ ખાવા-પીવાનું છોડી દેવું. લાળ પડવી, ચામડી પર અલ્સર પડવા.

ગુજરાત રાજયમાં લમ્પી રોગનાં કેસો પ્રતિદિન વધતાં જાય છે આ સાથે જ ગૌ વંશનાં મૃત્યુનું પ્રમાણ પણ વધ્યું છે. રાજયમાં જયારે લમ્પી વાઈરસે ભરડો લીધો છે. ત્યારે રાજય સરકાર દ્વારા ગૌ વંશને તાત્કાલીક ૧૦૦% વેક્સીનેશન થાય, વર્તમાન સંજોગોમાં વેટરનરી ઈમરજન્સી જાહેર કરવામાં આવે , રાજયમાં ૧૯૬૨ કરુણા એનિમલ એમ્બ્યુલન્સની સંખ્યા વધારવામાં આવે , ઉપરાંત આ સમગ્ર રાજ્યની પાંજરાપોળ - ગૌશાળાઓ ને નિયત ઠરાવ મુજબ કાયમી સબસીડી તાત્કાલિક ચુકવવામાં આવે તે માટેની રજૂઆત ભાજપનાં લીગલ સેલ પ્રદેશ સહ સંયોજક અનિલભાઈ દેસાઈ, શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ -એનિમલ હેલ્પલાઈન,રાજકોટનાં ટ્રસ્ટી અને ગૌશાળા પાંજરાપોળ ફેડરેશનનાં લીગલ એડવાઈઝર કમલેશભાઈ શાહ, એનિમલ વેલ્ફેર બોર્ડનાં મિતલ ખેતાણી અને પ્રતિક સંઘાણી એ રાજયસભાનાં સાંસદ રામભાઈ મોકરિયાને રૂબરૂ મળીને કરી હતી .

રામભાઈ મોકરિયા દ્વારા ત્વરિત હકારાત્મક પ્રતિભાવ આપીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ , મુખ્ય સચિવ પંકજ કુમારને ટેલિફોનિક રજૂઆત કરી આ પરિસ્થિતિમાં જરૂરી પગલાં લેવા વિનંતી કરી હતી. મુખ્યમંત્રીશ્રી એ પણ આ અંગે સાનુકૂળ પ્રતિભાવ આપ્યો હતો.

# અમદાવાદ જિલ્લામાં ટીટેનસ અને ડીપ્થેરીયા રસીકરણનો પ્રારંભ

**અમદાવાદ જિલ્લાના ૧૦ થી વધુની વયના ૪૦ હજાર અને ૧૬ થી વધુની વયના ૩૮ હજાર બાળકોને ધનુર અને ડિપ્થેરીયાની રસી લગાવવામાં આવશે**

અમદાવાદ ,

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના બાળકોને ટિટેનસ અને ડિપ્થેરીયાના ચેપથી સુરક્ષિત કરવાના શુભ હિતાર્થે TD રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

અમદાવાદ જિલ્લાના ૧૦ થી વધુની વયના ૪૦ હજાર બાળકો અને ૧૬ થી વધુની વયના ૩૮ હજાર કિશોરોને ધનુર અને ડિપ્થેરીયાની TD રસી લગાડીને ચેપી રોગોથી સુરક્ષિત કરવામાં



આવશે. આજરોજ દસક્રોઈ વિધાનસભાના ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ દ્વારા જેતલપુર પ્રાથમિક શાળાથી ઢ રસીકરણનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

અમદાવાદ જિલ્લાના લાભાર્થી તમામ બાળકોને આ રસીકરણ અભિયાનનો લાભ મળે અને બાળકો TD રસીકરણથી ચેપી રોગો સામે સુરક્ષિત બને તેવા આશય સાથે જિલ્લા પંચાયત દ્વારા આ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. અ ૭ ।

ઉલ્લેખનીય છે કે ક્લોસ્ટીરડીયમ ટીટેની નામના બેક્ટેરિયા જયારે વ્યક્તિના શરીરમાં પ્રવેશે અને ટીટેનોસ્પાસ્મીન નામનું ઝેર બનાવાની શરૂઆત કરે ત્યારે મહદઅંશે શરીરને નુકસાન પહોંચતું હોય છે. પરિણામે ટીટેનસની રસી થી આ પ્રકારના બેક્ટેરિયાથી રક્ષણ મળે છે.

# લક્ષ્મીપુરા (ડાંગરવા) પ્રાથમિક શાળામાંઅનોખી રીતે શાળા સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી



અમદાવાદ,

દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે દેશના વધાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાળાના સ્થાપના દિવસ ની ઉજવણી ના આહવાનને ધ્યાને લઈ લક્ષ્મીપુરા (ડાંગરવા) પ્રાથમિક શાળામાં પ્રથમ વખત શાળાના સ્થાપના દિવસની આજે અનોખી રીતે ઉજવણી કરવામાં આવી.

તારીખ ૦૧-૦૮-૨૦૨૨ ને સોમવાર એટલે શ્રાવણ માસનો પ્રથમ સોમવાર સ્થાપના દિન નિમિત્તે પાર્થેશ્વર શિવલિંગ પૂજા તેમજ ભારત માતા પૂજન સાથે સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું.તેમજ અમદાવાદ જીલ્લા પંચાયતના ભૂતપૂર્વ કારોબારી અધ્યક્ષ અને શાળાના આજીવન દાતા મનુજી ઠાકોર દ્વારા વિદ્યાર્થીઓને શાળા ગણવેશ તેમજ પલક પંડ્યા(યુએસએ) તરફથી આઈકાર્ડ અને દેત્રોજ રબારી ધર્મગાદીના મહંત લખીરામ બાપુ તરફથી ચોપડાનું વિતરણ કરવામાં આવેલ. આ દિવસે ગ્રામજનો તરફથી બાળકોને તિથિ ભોજન આપવામાં આવેલ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

શાળા સ્થાપના દિવસની ઉજવણીના આ પ્રસંગે સચિવશ્રી સમગ્ર શિક્ષા અભિયાન એમ પી મહેતા, અમદાવાદ જીલ્લા પંચાયતના ભૂતપૂર્વ કારોબારી અધ્યક્ષ અને શાળાના આજીવન દાતા મનુજી ઠાકોર,પૂર્વ તાલુકા વિકાસ અધિકારી અર્જુનસિંહ ડોડીયા, પૂર્વ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ચંદ્રિકાબેન પટેલ , તાલુકા સદસ્ય ઝેણાજી ઠાકોર, સીઆરસી કો ઓર્ડીનેટર ભાવેશભાઈ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

દાતાઓ અને ઉપસ્થિત મહાનુભવો પ્રત્યે શાળા પરિવાર વતી આચાર્ય પંકજ દવે એ આભાર વ્યક્ત કરેલ.

"તુલસી જેવી મર્યાદા કથાઓમાં ક્યાં શોધવી?''

# કૈલાસ ગુરૂકુળ મહુવા ખાતે મોરારિબાપુની સન્નિધ્ધિમાં તુલસીજન્મોત્સવનો પ્રારંભ -લંઠ્ઠાકાંડથી પ્રભાવિત પરિવારોને મોરારીબાપુનો કરુણા પ્રસાદ

તલગાજરડા

દર વર્ષે શ્રાવણ સુદ સાતમ તુલસીજીના જન્મોત્સવ પ્રસંગે તુલસી સંગોષ્ઠીનું આયોજન કૈલાશ ગુરુકુળ ખાતે યોજવામાં આવે છે.સને ૨૦૦૯ થી શરૂ થયેલી આ પરંપરા આજે ૧૨માં મણકા સુધી પહોંચી છે. ગોસ્વામી તુલસીદાસજી મહારાજ રામચરિત માનસના સર્જક ની જન્મજયંતીએ માનસ, ભાગવત વાલ્મિકી રામાયણ અને અનેક પુરાણ ગ્રંથો પર ચિંતન વિવેચન કથાગાન કરનાર સુજ્ઞજનોને તુલસી,વ્યાસ, વાલ્મિકી વગેરે પ્રકારના પુરસ્કારોથી નવાજવામાં આવે છે.

ચાલુ વર્ષે પુ. મોરારીબાપુની પરમ સન્નિધિમાં આ કાર્યક્રમ કૈલાશ ગુરુકુળના આદ્ય શંકરાચાર્ય સભાગૃહમાં આજે ૧લી ઓગસ્ટના રોજ શ્રી મહાદેવ ઝાલા અને કુ.રિચા ઝાલાન બાળકો સહિત પૂજ્ય મોરારીબાપુ અને પુ.સંતોષાનંદજી મહારાજ ઉર્ફે 'સતવાબાવા' ના કરકમળો દ્વારા દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકયો.



પ્રથમ દિવસની પ્રથમ સંગોષ્ઠીમાં વિવિધ વક્તાઓએ તુલસી સાહિત્ય પર પોતપોતાનો અનુભવ અને વિવેચન રજૂ કર્યું. જેમાં કમલેશજી -પુના, શ્રી વેદ પ્રકાશમિશ્ર- વારાણસી, સુશ્રી જયાશ્રી પાર્ષદ -ગયા, શ્રી અનુપ્રયાસ મહારાજ -વૃંદાવન, શ્રી રામચરણદાસજી મહારાજ બકસર, શ્રી પ્રતીક મહારાજ -વૃંદાવન, સુશ્રી પ્રજ્ઞા મિશ્રાજી - કાનપુર,રામકૃષ્ણદાસ રામાયણી-અયોધ્યા અને દિનેશ ત્રિપાઠી-વૃંદાવન વગેરેનો સુખ સમાવેશ થતો હતો.

શ્રી રામચરણદાસજી મહારાજે કહ્યું કે કે રામ મીથિલા પહોંચ્યાં અને વાટીકામાં ફૂલ માટે ગયાં એટલે કિશોરીજીએ ત્યાં આવવાની ફરજ તો પડી પરંતુ તે પોતે કિશોરીજીના દર્શનથી ખૂબ અભિભૂત થયાં.

આ આખું વર્ણન ખૂબ સૂચારુ રીતે પ્રસિદ્ધ છે.એટલે× રામકથા તો બહુ તો ને કહી હૈ લેકિન તુલસી જૈસી મર્યાદા કહાં મિલેગી×શ્રી પ્રતિક મહારાજજીએ કહ્યું વક્તા જયાં શ્રોતાને પહોંચાડવા માગે છે ત્યાં તે પહોંચાડી શકતા નથી.એક ધારા છે તે કંઈ તરફ જાય તે નિયત ન હોય.ચાર બાબતો દુર્લભ છે પોરુષત્વ,ધર્મ શ્રવણ, શ્રધ્ધા, પુરુષાર્થ.

બીજી સંગોષ્ઠિના બપોરે ૪ થી ૭ સુધી યોજાઈ હતી.શ્રી વેદપ્રકાશ મિશ્ર વારણસીના સંયોજન તળે યોજાયેલી ગોષ્ઠિમાં દસ વક્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ધર્મ શાસ્ત્રોના ઉત્તર ભારતના મહત્વના કહી શકાય તેવાં વિદ્વાનો આ કાર્યક્રમમાં સામેલ થયાં છે સતત ચાર દિવસ ચાલનારાં આ ઉપક્રમનું સંચાલન શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશી કરી રહ્યાં છે.વ્યવસ્થા અને સંકલન શ્રી જયદેવભાઈ માંકડ સંભાળે છે.

**લઠ્ઠાકાંડથી પ્રભાવિત પરિવારોને પુ.મોરારીબાપુ નો કરુણા પ્રસાદ**

થોડાં દિવસો પૂર્વે બોટાદ તેમજ અમદાવાદ જિલ્લાના અમુક ગામોમાં ઝેરી દારૂ કે કેમિકલ પીવાને કારણે ૫૭ જેટલાં લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે. આ ઘટનામાં મૃત્યુ પામનાર લોકોના પરિવારજનો માટે બેવડા આઘાતને સહન કરવાની સ્થિતિ સર્જાઈ છે. એક તરફ ઘરની મહત્વની વ્યક્તિનું મૃત્યુ થયું અને બીજી તરફ તેને કારણે આર્થિક નુકસાન પણ થયું.

વ્યસનને કારણે જેમણે પોતાના પ્રાણ ગુમાવ્યાં તે ઘટના નિંદનીય છે.સમાજમાં આ પ્રકારની ઘટનાઓ બને તે વખોડવાને પાત્ર જ છે. પરંતુ પરિવારની કોઈ વ્યક્તિની ભૂલને લીધે તેમના પરિવારજનો શો વાંક ? આથી કરુણા મુર્તિ પુ. મોરારિબાપુએ લઠ્ઠાકાંડની ઘટના માં માર્યા ગયેલાઓના પરિજનો તરફ સંવેદના વ્યક્ત કરી છે અને પ્રત્યેક મૃતકના પરિવારજનોને રૂપિયા ૫૦૦૦ ની તત્કાલ સહાયતા પહોંચાડી દેવા જણાવ્યું છે.બે લાખ પચાસ હજારથી વધુ રકમની સહાય શ્રી ચિત્રકૂટધામ ટ્રસ્ટના પ્રતિનિધિઓ દ્વારા રુબરુ જઈ પહોચતી કરવામાં આવશે.પુ.મોરારિબાપુ એ પુનઃ એક વખત ફરી આ કરુણ ઘટનાને કારણે જે પરિવારો નિઃ સહાય બન્યાં છે. તેમનાં પરત્વે વિશેષ સંવેદના વ્યક્ત કરી છે.

# ચાણસ્માના લણવા ખાતે આવેલા વડુ તળાવમાં અગમ્ય કારણોસર અસંખ્ય માછલાઓના મોત નિપજતાં ગામમાં સન્નાટો



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો,

ચાણસ્માના લણવા ગામે આવેલ વડુ તળાવમાં અસંખ્ય માછલાં ના કોઈ અગમ્ય કારણોસર મોત નિપજતાં ગ્રામજનોમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી.

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના લણવા ગામે વડુ તળાવ માં અસંખ્ય માછલાંના મોત નિપજયા હોવાનું જાણવા મળતાં ગ્રામજનોનાં ટોળે ટોળાં જોવા ઉમટી પડ્યા હતા.આ બનાવને પગલે લોકોમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી.તો આ બાબતે તંત્રને જાણ કરવામાં આવતાં ટીમે પણ ઘટનાસ્થળે આવી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. માછલાંઓના મોત પાછળ પાણીમાં કેમિકલ ઓઈલ અથવા ઓકિસજન ઘટી જવાના કારણે ફળીભૂત બન્યાં હોય તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.જોકે ટીમ દ્વારા હાલમાં આ બાબતે તપાસ હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.લણવા ગામે આવેલ વડુ તળાવમાં અસંખ્ય માછલાઓના મોતને કારણે વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ મારતું હોવાનું ગ્રામજનો જણાવી રહ્યાં છે.

અમૃતલાલ પટેલ ચાણસ્મા

# ઝીલીયા ગામે ઝીલેશ્વર મહાદેવનો મેળો ભરાયો



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ઝીલીયા ગામે પ્રાચીન ઝીલેશ્વર મહાદેવનો સોમવારે ભાતીગળ લોક મેળો ભરાયો હતો.જેમાં ખાણી પીણીની દુકાનો, ચકરડી, ચકડોળની જમાવટ થઈ હતી.આજુબાજુના ગામો જેવા કે દાંતકરોડી, ગંગેટ, કેશણી,ચવેલી સહિત ના ગામોના લોકો તેમજ ભૂલકાઓએ મેળાની મજા માણી હતી.જ્યારે અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. કહેવાય છે કે ઝીલીયા ખાતે ઝીલેશ્વર મહાદેવ રામાયણ કાળમાં આ સ્વયંભૂ શિવજી નું પ્રાગટ્ય થયું હોવાનું પૌરાણિક મહત્ત્વ રહેલું છે. મંદિરનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઝીલેશ્વર મહાદેવ ખાતે બાજુના ગામની ગાય ઝીલડાના વૃક્ષ નીચે દૂધનું ધારણ કરી જતી હતી.

જેની તપાસ ગાય માલિક તેમજ ગોવાળ દ્વારા તપાસ કરતાં ઝીલડાના વૃક્ષ નીચે ગાયનું દૂધનું ઝરણ કરતી જોવા મળતાં ત્યાં ખોદકામ કરતાં ઝીલડાના વૃક્ષ નીચેથી સ્વયંભૂ શિવજીનું લિંગ મળ્યું હોવાથી ઝીલેશ્વર મહાદેવનું નામ પાડવામાં આવ્યું હતું.શ્રાવણ માસના પ્રત્યેક સોમવારે શિવાલય ખાતે મેળો ભરાય છે. જે લોકોને મસ થયા હોય તો ઝીલેશ્વર મહાદેવને ગોળ ચડાવવાની માનતા રાખે અને ગોળ ચડાવે તેને મસ મટી જાય છે તેવી માન્યતા પણ રહેલી હોવાનું જણાવ્યું હતુ.

# ગાંધીનગર જિલ્લામાં લમ્પી સ્કીન ડીસીઝ અંગે પશુપાલકોમાં જાગૃત્તિ અર્થે ૨૦૦ કેમ્પ યોજાયા

ગાંધીનગરઃ સોમવારઃ

ગાંધીનગર જિલ્લાના પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝની અસર ન આવે તે માટે જિલ્લા પશુપાલન કચેરી દ્વારા ગામેગામ જનજાગૃત્તિ માટે કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. અત્યારસુધી જિલ્લામાં ૨૦૦ જેટલા કેમ્પ યોજવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લાના સોલૈયા અને દેલવાડા ગામના ચાર જેટલા પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝની પ્રાથમિક અસર દેખાઈ હતી.આ પશુઓને સારવાર આપીને અસરને કંટ્રોલ કરી લેવામાં આવી હોવાનું જિલ્લા પશુપાલન અધિકારી શ્રી એસ.આઇ. પટેલે જણાવ્યું છે. તેમણે પશુઓમાં રોગ પ્રતિકારણ શક્તિ વધે તે માટે પશુઓને મીનરલ મિક્ષર પાઉડર ખવડાવવા પશુપાલકોને ભારપૂર્વક અપીલ કરી છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, લમ્પી નામના રોગની અસર પશુઓમાં ૨૦ થી ૨૫ દિવસે દેખાય છે. જેથી માણસા તાલુકાના ચરાડા ગામ ખાતે પશુ લે- વેચના વ્યવસાય કરતા વેપારીઓને જાગૃત કરવામાં આવ્યા છે.

તેમજ રાજય સરકાર દ્વારા કરવામાં આવેલા પરિપત્ર અનુસંધાને એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં પશુઓની આપ- લે ન થાય. તેમજ રાજય સ્તરે પણ આ પશુ લે- વેચ ન થાય તેની તકેદારી રાખવા જણાવવામાં આવ્યું છે. જે અંગેનું માર્ગદર્શન ચરાડા ગામમાં પશુ લે- વેચ કરતા પશુપાલકોને આપીને હાલ પૂરતો આ વેપાર બંધ કરાવવામાં આવ્યો છે.



જિલ્લા પશુપાલન અધિકારી શ્રી એસ.આઇ.પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં લમ્પી સ્કીન ડીસીઝની અસર પશુઓમાં ન ફેલાય તે માટે જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવી રહી છે. હાલમાં ગાંધીનગર જિલ્લામાં લમ્પી નામના રોગ અંગે પશુપાલકોમાં જાગૃત્તિ આવે તે માટે ગામેગામ જનજાગૃત્તિના કેમ્પ યોજાઇ રહ્યા છે. અત્યાર સુધી ૨૦૦ જેટલા કેમ્પ આયોજન જિલ્લાના વિવિધ ગામોમાં કરવામાં આવ્યું છે. આ કેમ્પ દરમ્યાન રોગના લક્ષણો, રોગ કેવી રીતે ફેલાય છે, તેને રોકવા શું શું તકેદારી રાખવાની છેજેવા અનેક વિષયની વિસ્તૃત સમજ આપવામાં આવે છે.

**લમ્પી સ્કીન ડીસીઝને અટકાવવા માટે પશુપાલકો આટલું કરે.......**

લમ્પી સ્કીન ડીસીઝ- ગાંઠદાર ચામડીનો રોગ :ગાંઠદાર ચામડીનો રોગ એ ગાયો-ભેસોંમાં નવો આ રોગ હમણા જ જોવામાં આવ્યો છે. અંગ્રેજીમાં તેને લમ્પી સ્કીન ડિસીઝ ના નામે ઓળખવામાં આવે છે. આ રોગ માખી- મચ્છરથી ફેલાતો, વિષાણું( વાયરસ)થી થતો રોગ છે. આ રોગ કેપ્રી પોક્સ નામના વાયરસથી ફેલાય છે. આ રોગનો ફેલાવો કરવામાં મચ્છર અને માખી મુખ્ય પરિબળ તરીકે કામ કરે છે. મચ્છર અને માખી રોગિષ્ટ પશુને કરડી તંદુરસ્ત પશુને કરડે ત્યારે વિષાણુ પશુનાં શરીરમાં પ્રવેશી રોગનો ફેલાવો કરે છે. આ રોગ ફેલાવા માટે ઇતરડીને પણ જવાબદાર ગણવવામાં આવે છે.

લમ્પી સ્કીન ડીસીઝ- રોગના લક્ષણો : પશુઓને સામાન્ય તાવ આવે, આખા શરીર પર ગાંઠો જેવા નરમ ફોલ્લા થાય, કયારેક ગાંઠોમાં રસી થાય છે અને ચાંદા પણ પડે છે. આંખ-નાકમાંથી પ્રવાહી આવે અને મોઢામાંથી લાળ પડે છે. પશુ ખાવાનું બંધ કરે કે પશુને ખાવામાં તકલીફ પડે છે. ગાભણ પશુ તરવાઇ શકે છે. દૂધ ઉત્પાદન ઘટે છે. લમ્પી અટકાવવાના ઉપાયો : રોગને અટકાવવા અને નિયંત્રિત કરવા માટે રોગીષ્ટ પશુને સૌપ્રથમ અલગ કરવું. પશુને ચરવા માટે છૂટું મુકવું નહિ. રોગગ્રસ્ત વિસ્તારમાંથી પશુનું સ્થળાંતર બંધ કરવું. માખી- મચ્છર, ઇતરડીનો ઉપદ્રવ અટકાવવો, દવાનો છંટકાવ કરવો જોઇએ. પશુ જે જગ્યાએ રહેતું હોય ત્યાં સાફ, સફાઇ અને હવા-ઉજાસ રાખવી વરસાદી સિઝનમાં પશુઓની આસપાસ પાણી ન ભરાઇ રહે તેની તકેદારી રાખવી.

લમ્પીને અટકાવવાનો ઘરગથ્થુ — આયુર્વેદિક ઉપચાર : આ રોગથી પશુને બચાવવા માટે ચાર મુઠ્ઠી લીમડાના પાન, ચાર મુઠ્ઠી તુલસીના પાન, એક કળી લસણ, એક મુઠ્ઠી હળદર પાઉડરતથા એક પાન એલોવેરાનો મીક્ષરમાં પેસ્ટ

( મલમ) બનાવી પશુના શરીર પર જયાં ચાંદા હોય ત્યાં દરરોજ ચાર દિવસ લગાવવું.

# પાટણના ચંદ્રુમાણા ગામે સૌ પ્રથમવાર એસટી અને વાલ્મિકી સમાજને રામાયણ ગ્રંથ અર્પણ સાથે રક્ષાસૂત્ર બંધન કાર્યક્રમ યોજાયો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જીલ્લાના ચંદ્રુમાણા ગામે એસટી અને વાલ્મીકી સમાજમાં તુલસીદાસ કૃત રામાયણ ગ્રંથ અર્પણ અને રક્ષાસૂત્ર બંધન કાર્યક્રમ વિશ્વ હિંદુ પરિષદ ધર્માચાર્ય સંપર્ક મહેસાણા વિભાગ દ્વારા રવિવારે રાખેલ હતો.

આ પ્રસંગે સંત શ્રી રામ ગીરીબાપુ અવધેશ આશ્રમ ખોરસમ, મહેસાણા વિભાગ ધર્માચાર્ય સંપર્ક પ્રમુખ નિતિનભાઈ એલ. વ્યાસ,પાટણ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખ વિષ્ણુભાઈ



પટેલ,જિલ્લા સંયોજક સુરેશભાઈ નાઈ, રામાજી ઠાકોર, હસુભાઇ સરતાનજી ભગત સહિત ઉપસ્થિત રહ્યા હતા.

ચંદ્રુમાણા ખાતે આયોજિત રામાયણ ગ્રંથ અર્પણ અને રક્ષાસૂત્ર કાર્યક્રમ કદાચ સમગ્ર હિન્દુસ્થાનમાં સૌ પ્રથમ હશે તેવું એસ ટી સમુદાયના અગ્રણી અને પૂર્વ સરપંચ બાબુભાઈ ચાવડાએ જણાવેલ હતુ. આ પ્રસંગે વાલ્મિકી સમાજના અગ્રણી મુન્નાભાઈ મકવાણા એ ગ્રંથ સ્વીકારતી વખતે કહ્યું કે આવો અવસર મારા ઘર આગણે યોજયો તે અમારા અહોભાગ્ય છે.અમે સૌ ધન્યભાગ બન્યા હોવાનું તેઓએ જણાવ્યુ હતુ.

અમૃતલાલ પટેલ ચાણસ્મા

# પ્રજાજનોને મોબાઈલ અને વાહનચોરી માટે હવે QUEUE મા નહિ ઉભુ રહેવુ પડે

આહવાઃ તાઃ ૩૦ઃ મોબાઇલ ચોરી અને વાહનચોરીની ફરિયાદ હવે eFIR દ્વારા ઓનલાઇન કરી શકાય છે. આીલ્હૈંઇ વિશે સામાન્ય નાગરિકોમા જાગૃતિ આવે એ અંતર્ગત, ડાંગ જીલ્લા પોલીસ દ્વારા સાંદીપની વિદ્યાલય, સાપુતારા ખાતે એક જનજાગૃતિ કાર્યક્રમનુ આયોજન કરાયુ હતુ. જેમા ીલ્હૈંઇ કેવી રીતે કરવી અને એનાથી થતા ફાયદા વિશેની સમજ આપવામા આવી હતી. આ સેમિનારમા અતિથિ વિશેષ તરીકે સુરતના એડિશનલ ડીજીપી શ્રી પાંડિયન, નવસારીના પોલીસ અધિક્ષક શ્રી રીશીકેશ ઉપાધ્યાય, ડાંગના પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજા, ડીવાયએસપી શ્રી પાટીલ, અને શ્રી ગામીત, સાપુતારા પીએસઆઇ શ્રી ડામોર અને શ્રી નીરજંન, તથા બહોળા પ્રમાણમા ડાંગ પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયની ગૌ શાળા -પાંજરાપોળોને સરકાર દ્વારા ૫૦૦ કરોડની સબસીડી જાહેર કરવા બદલ સરકારશ્રીનો આભાર માનતા રમેશભાઈ ઠક્કર

ગૌશાળાઓને અપાતી સબસીડીની રકમ દ્વારા ખેડૂત પાસેથી ઘાસચારો ખરીદવા માટે થાય છે તેથી માં. શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખેડૂતની આવક ડબલ કરવાની ભાવના સાચા અર્થમાં ચરીતાર્થ થાય છે.ગુજરાત રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ૫૦૦ કરોડની સબસીડી જાહેર કરવા સરકારશ્રીનો આભાર માનતા રમેશભાઈ ઠકકર જણાવે છે કે સરકાર દ્વારા અપાતી રકમ ગૌવંશ માટે આપવામાં આવે છે પરંતુ ખરેખર તો આ રકમ દ્વારા ખેડૂત મિત્રો પાસેથી ઘાસચારો ખરીદવામાં જ આવે છે જેથી આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની ઉત્કૃષ્ટ ભાવના કે જે ખેડૂતોની આવક બમણી કરવાની છે અને ઓર્ગેનીક ખેતી માટે નવી જમીનના સર્જન માટે ગોબર અને ગૌમૂત્ર, પેસ્ટીસાઈડની બદલે ખૂબ જ ઉપયોગી છે. જે થકી માનવ જીવન, પર્યાવરણ, પાણીની બચત અને સારો ખોરાક મળતા માનવ જીવનમાં આવતા વિકારો અને બિમારી દૂર કરી શકાય જે દ્વારા સરકારશ્રીને મેડીકલ ખર્ચ પણ ઘણો ઘટશે અને મનુષ્યમાં વિકારો ઘટતા સમાજમાં ફેલાયેલા દુષણો જેવા કે આપઘાત, બળાત્કાર, ચોરી-લુંટફાટ, ઈર્ષા, અદેખાઈ ઘટતા સમાજને ખુબ જ મોટો ફાયદો થઈ શકશે. દરેકને ખબર છે આપણું ગૌધન દરેકના ઘરે ઘરે રહેતુ હતું. મહેલોમાં અને મંદિરોમાં પણ સચવાતું હતું. જે આજે સુખી સંપન્ન પરીવારો, ખેડૂત મિત્રો, પશુ પાલક મિત્ર દ્વારા આ ગૌધનને પોતાનાથી દૂર કરી પાંજરોપોળો અને ગૌશાળાઓમાં રહેવા મજબુર કરી દીધુ છે. આજે રાજકોટની આસપાસ માં જ ૨૨ ગૌશાળાઓ આવેલી છે. ખરેખર ગૌશાળાઓ-પાંજરાપોળો લુંલા, લંગડા કે અંધ અથવા ઉંમર લાયક થયેલા ગૌવંશને રાખવા માટે નિર્માણ કરવામાં આવેલ જેને બદલે આજના સમયમાં લોકો દ્વારા તરછોડી દીધેલા ગૌવંશ, બળદો, પશુપક્ષીઓ રાખવામાં આવે છે જેની સારસંભાળ, માવજત ઘર આંગણે થાય તે શકય નથી અને તેના હિસાબે આજે સમાજમાં વૃધ્ધાશ્રમો અને દવાખાનાની વૃધ્ધી થઈ રહી છે. તે બતાવે છે કે માનવ માનસીક પડી ભાંગ્યો છે અને ઈન્ડસ્ટ્રીઝમાં બનતા ખાતર—પેસ્ટીસાઈડ જે રસાયણ યુકત છે તે ખેડૂતને મોંઘા પડે છે જમીન અને ખેતીને બગાડે છે સાથે સાથે સરકારશ્રીને નમ્ર વિનંતી કે ભારત દેશના રજવાડાઓ અને આપણા પૂર્વજો કે જે પ્રજા અને પશુપ્રેમી હતા તેઓએ પણ તેમના રાજયમાં આપવામાં આવેલ પશુ-પક્ષીઓ માટેની વીડી અને ગૌચર ખુલ્લુ કરી પશુપાલકો માટે તેનો ઉપયોગ થાય તે માટે પણ પ્રયત્ન કરી આ જીવોને સારો ખોરાક, હરવા-ફરવાનું સ્થળ મળશે તો તેમની ઓલાદ અને દૂધની ઉત્પાદકતા પણ વધશે જે થકી પશુપાલકો અને ખેડૂતો પોતાના ઘરે જીવોને સાચવતા થશે અને ગૌશાળાઓ-પાંજરાપોળોનું ભારણ ઘટશે અને સરકારને પણ લાભ થશે તેવી જમીન પણ ખુલ્લી કરાવવા સરકારશ્રીને નમ્ર પ્રાર્થના. સરકાર દ્વારા વિજ્ઞાપન આપવામાં આવે છે કે, અમારી ટેકસની આવક ખૂબ જ વધી છે અને ખરેખર વધી છે તેની સામે રાજકીય પક્ષોને મળતું દાન ખૂબ ઘટયું છે તેવા સમયે ગૌશાળાઓને-પાંજરાપોળોને પણ દાનની આવક ઘટી છે. જે આપને વિદીત છે અને સરકારશ્રી ગૌમાતા માટે બજેટમાં ફાળવેલી રકમ ખૂબ જ નાની છે પણ ખૂબ જ જરૂરી પણ છે.

# દીન દયાળ અંત્યોદય યોજના તથા રાષ્ટ્રીય શહેરી આજીવિકા મશીન (DAY–NULM) યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના સ્વ સહાય જુથો દ્વારા 'રાખી મેળા'નું આયોજન, મેયરશ્રીના હસ્તે ઉદઘાટન

તારીખઃ ૦૧ ઓગસ્ટ

ગાંધીનગર,

હિંદુ ધર્મના પવિત્ર તહેવારને ધ્યાને રાખીને દીન દયાળ અંત્યોદય યોજના તથા રાષ્ટ્રીય શહેરી આજીવિકા મશીન (ડ્ઢછરૂ–દ્ગેંન્સ્)દીન દયાળ અંત્યોદય યોજના તથા રાષ્ટ્રીય શહેરી આજીવિકા મશીન (ડ્ઢછરૂ–દ્ગેંન્સ્) યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના સ્વ સહાય જુથો દ્વારા 'રાખી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. ગ્રામહાટ, સેક્ટર ૨૮ ગાર્ડન ખાતે આ રાખીમેળાની શરૂઆત કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેષભાઈ મકવામાના હસ્તે મેળાનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ મેળાની શરૂઆત આજથી કરવામાં આવી જે ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ સુધી ચાલશે. સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૭:૦૦ વાગ્યા સુધી રાખડીઓનું પ્રદર્શન તેમજ સ્વ સહાય જુથ દ્વારા બનાવવામા આવતી વિવિધ ચીજ વસ્તુઓનુ વેંચાણ કરવામાં આવશે.



સ્વસહાય જૂથની બહેનો દ્વારા નિર્મિત આકર્ષક રાખડીઓના આ મેળાના ઉદઘાટન પ્રસંગે મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેષભાઈ મકવાણા, કાઉન્સિલરશ્રી પ્રેમલતાબેન મહેરીયા, મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ શ્રી કલ્પેશભાઈ ગોસ્વામી, ઇઝઉૅંશ્રી ડૉ. હર્ષદભાઈ રાઠોડ, પૂર્વ કાઉન્સિલર શ્રીમતી હર્ષાબા ધાંધલ તેમજ મોટી સંખ્યા સ્વ સહાય જુથની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ રાખી મેળામાં હસ્ત નિર્મિત સૂંદર રાખડીઓ ઉપરાંત સજાવટની વિવિધ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગરના નગરજોને આ મેળાનો લાભ મોટી માત્રામાં લેવા માટે વિનંતી કરવામાં આવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.